CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ પોષ વદ -૨   સોમવાર, તા.૦૫-૦૧-૨૦૨૬   અંક : ૫૬ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# સોમનાથ ભારતની આત્મા અને ગૌરવનું પ્રતીક : પીએમ મોદી

## સોમનાથની ગાથા વિધ્વંસની નહીં, પરંતુ ભારત માતાના સંતાનોના અતૂટ સ્વાભિમાન અને આસ્થાની ગાથા : સોમનાથ પર આક્રમણના એક હજાર વર્ષ પર પીએમ મોદીએ લખ્યો બ્લોગ

નવી દિલ્હી

ભારતના ઈતિહાસમાં સોમનાથ સમગ્ર ભારતના સ્વાભિમાન, એકતા, ભવ્યતા અને ચેતનત્વનું પ્રતિક છે. અનેક વિદેશ લૂંટારૂ સમા આક્રમણખોરોએ તેને તોડવાનો પ્રયાસ કર્યો, તેનો હેતુ સોમનાથ મંદીર પર ઘાવ કરીને ભારતની સનાતન આસ્થા પર ઘાવ કરવાનો હતો. પરંતુ આવા લૂંટારુઓના આક્રમણો ક્યારેય સનાતન આસ્થાને તોડી શક્યા નહિ, સોમનાથ દરવખતે વધુને વધુ ભવ્યતા સાથે ઊભું થયું. સોમનાથ પર પ્રથમ આક્રમણને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થયા છે. અને આજે સોમનાથ દિવ્ય અને તેજોમય બનીને ભારતની આધ્યાત્મિકતા અને આસ્થાના ધર્મધ્વજને આકાશમાં ફરકાવી રહ્યું છે. સોમનાથ પર આક્રમણના ૧૦૦૦ વર્ષ પર પીએમ મોદીનો બ્લોગથી પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

પીએમ મોદીએ તેમના બ્લોગમાં લખ્યું કે, "સોમનાથ મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ તે ભારતની આત્મા અને ગૌરવનું પ્રતીક છે. ૧૨ જ્યોર્તિલિંગોમાં પ્રથમ સ્થાને બિરાજતા સોમનાથ વિશે શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ છે કે તેના દર્શન માત્રથી મનુષ્ય પાપોમાંથી મુક્ત થઈ પુણ્ય પ્રાપ્ત કરે છે. વડાપ્રધાને નોંધ્યું છે કે પ્રભાસ પાટણની આ પવિત્ર ધરતી સદીઓથી ભારતની આધ્યાત્મિક અને સભ્યતાગત ભવ્યતાની સાક્ષી રહી છે.વર્ષ ૨૦૨૬ એ સોમનાથના ઈતિહાસમાં ખૂબ મહત્વનું છે કારણ કે જાન્યુઆરી ૧૦૨૬માં મહમદ ગઝનવી દ્વારા કરવામાં આવેલા પ્રથમ બર્બર આક્રમણને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તે આક્રમણ ભારતની આસ્થા અને સભ્યતાને નષ્ટ કરવાનો એક હિંસક પ્રયાસ હતો.

જોકે, પીએમ મોદી જણાવે છે કે સોમનાથની ગાથા વિધ્વંસની નહીં, પરંતુ ભારત માતાના સંતાનોના અતૂટ સ્વાભિમાન અને આસ્થાની ગાથા છે.પીએમ મોદીએ બ્લોગના અંતે આહવાન કર્યું છે કે જો ૧૦૦૦ વર્ષ પહેલા ખંડિત થયેલું સોમનાથ આજે પોતાના પૂર્ણ વૈભવ સાથે ફરી ઊભું રહી શકતું હોય, તો આપણે પણ ૧૦૦૦ વર્ષ પહેલાનું સમૃદ્ધ ભારત પુનઃ બનાવી શકીએ છીએ. સોમનાથની લહેરો અને ગર્જના આપણને 'વિકસિત ભારત'ના નિર્માણ માટે નવા સંકલ્પ સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે.

### પ્રધાનમંત્રી સોમનાથ મંદિરની મુલાકાત લે તેવી શક્યતા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ જાન્યુઆરીએ ગુજરાતના પ્રખ્યાત સોમનાથ મંદિરની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન, તેઓ ૮ જાન્યુઆરીથી ૧૧ જાન્યુઆરી સુધી યોજાનારા સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લેશે. ચાર દિવસીય આ કાર્યક્રમમાં આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓની શ્રેણી રજૂ કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રસંગ "સોમનાથ સ્વાભિમાન પર્વ" હેઠળ એક વર્ષ લાંબા કાર્યક્રમની શરૂઆત કરશે.



# વેનેઝુએલા નહીં સુધરે તો વધુ કડક કાર્યવાહીની ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી

## વાત નહીં માનો તો માદુરો કરતા પણ ખરાબ હાલત થશે : રોડ્રિગેઝે જાહેરમાં માદુરોની ધરપકડની ટીકા કરી તેમને પરત લાવવાની માંગ કરતા ટ્રમ્પના તેવર બદલાયા

વોશિંગ્ટન/કારાકાસઃ

અમેરિકાની વેનેઝુએલા પરની કાર્યવાહી બાદ હાલ તમામ સત્તાઓ ડેલ્સી રોડ્રિગેજના હાથમાં છે. ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગેજને હાલ કાર્યવાહક રાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા છે. જેવો તેમણે પદભાર સંભાળ્યો કે તરત જ અમેરિકી રાષ્ટ્રપતિએ તેમને ચેતવણી જાહેર કરી દિધી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે એક અખબાર સાથે વાત કરતા કહ્યું હતું કે, જો વેનેઝુએલા માટે યોગ્ય પગલાં નહી ભરે, તો તેમને માદુરો કરતાં પણ મોટી કિંમત ચૂકવવી પડી શકે છે.

એક મેગેઝિનને આપેલા ટેલિફોનિક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જો રોડ્રિગેઝ વેનેઝુએલા માટે યોગ્ય પગલાં નહી ભરે, તો તેમને માદુરો કરતાં પણ મોટી કિંમત ચૂકવવી પડી શકે છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ શનિવારે ટ્રમ્પે એવો દાવો કર્યો હતો કે વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથેની વાતચીતમાં રોડ્રિગેઝ અમેરિકાના સૂચવેલા સુધારાઓ માટે તૈયાર છે. પરંતુ, રોડ્રિગેઝે જાહેરમાં માદુરોની ધરપકડની ટીકા કરી તેમને પરત લાવવાની માંગ કરતા ટ્રમ્પનો તેવર બદલાયો છે.

બીજી તરફ, અમેરિકાની ભાવિ ભૂમિકા અંગે વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સંતુલિત અભિગમ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. રુબિયોએ સંકેત આપ્યો છે કે અમેરિકા વેનેઝુએલાના રોજબરોજના વહીવટમાં કોઈ સીધી ભૂમિકા ભજવશે નહી, પરંતુ 'તેલ નાકેબંધી' દ્વારા દબાણ જાળવી રાખશે.

# રશિયા પાસેથી ઓઈલ ખરીદવા મામલે ટ્રમ્પની ભારતને ધમકી

## ટ્રમ્પે ઓડિયો મેસેજ જાહેર કર્યો : ટેરિફ નીતિના કારણે ભારતને કથિત રીતે રશિયા પાસેથી ઓઈલ આયાત કરવાના નિર્ણય પર ફરી વિચારણા કરવા અથવા વધારાના ટેરિફ માટે તૈયાર રહેવા ધમકી આપી

વોશિંગ્ટન ડીસી

ભારત અને રશિયા વચ્ચે દ્વિપક્ષીય વેપારને લઈ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વખત મોટું નિવેદન આપ્યું છે. તેમણે અર્થતંત્રની વર્તમાન સ્થિતિ તથા ટેરિફ નીતિનો ઉલ્લેખ કરીને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું નામ લીધું હતું. વ્હાઈટ હાઉસ તરફથી બહાર પાડવામાં આવેલા ઓડિયો સંદેશમાં ટ્રમ્પે કહ્યું- ટેરિફ નીતિના કારણે ભારતે કથિત રીતે રશિયા પાસેથી ઓઈલ આયાત કરવાના નિર્ણય પર ફરી વિચારણા કરવી પડશે. તેમણે વેનેઝુએલામાં સૈન્ય અભિયાન ઉપરાંત દેશની આર્થિક સ્થિતિ પર પણ ટિપ્પણી કરી હતી.

ભારતના રશિયા પાસેથી ઓઈલ આયાત પર રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું, તેઓ મને ખુશ કરવા માંગતા હતા. પીએમ મોદી ખૂબ સારા આદમી છે. તેમને ખબર હતી કે હું નાખુશ છું, મને ખુશ કરવો જરૂરી હતો. અમે તેમના પર ટૂંક સમયમાં ટેરિફ વધારી શકીએ છીએ. ટ્રમ્પે ઓગસ્ટ ૨૦૨૫માં ભારત પર ટેરિફ ૫૦ ટકા કરવા પાછળ રશિયા સાથે ઓઈલ ટ્રેડનું કારણ જણાવ્યું હતું.

ટ્રમ્પના આ નિવેદન બાદ રશિયા સાથે ભારતના એનર્જી સંબંધને લઈ ફરી એક વખત પ્રશ્ન ઉભો થયો છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરશે તેવો ટ્ર્મ્પે થોડા દિવસ પહેલા દાવો કર્યો હતો.

# USમાં ભારતીય યુવતીની હત્યા કરી પ્રેમી ભાગીને ભારત આવી ગયો

## હત્યા બાદ યુવતી ગુમ થઈ હોવાની ફરિયાદ પણ નોંધાવી હતી : પોલીસે ધરપકડ વોરંટ ઈસ્યૂ કર્યું

વોશિંગ્ટન ડીસી

અમેરિકામાં નવા વર્ષની પૂર્વ સંધ્યાથી લાપતા થયેલ ૨૭ વર્ષીય ભારતીય યુવતીની હત્યાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. ૨૬ વર્ષનો પ્રેમી પ્રેમિકા ગુમ થયાની ફરિયાદ નોંધાવીને ભારત ભાગી આવ્યો હતો.

પોલીસ મુજબ, મેરિલેન્ડના એલિસોટ સિટીમાં રહેતી નિકિતા ગોદિશાલા તેના પૂર્વ પ્રેમી અર્જુન શર્માને એપાર્ટમેન્ટમાં મૃત મળી આવી હતી. તેના શરીર પર ચપ્પુના ઘા માર્યાના નિશાન હતા. નિકિતા ડેટા અને સ્ટ્રેટેજી એનાલિસ્ટ હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે, યુવતીના પૂર્વ પ્રેમી અર્જુન શર્માએ તેની હત્ય કરી હતી. આ મામલે તેની સામે ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવ્યું છે.

અધિકારીઓ મુજબ, પ્રેમી અર્જુન શર્માએ ૨ જાન્યુઆરીના રોજ પોલીસમાં યુવતી ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. તેણે કહ્યું કે, ગોદિશાલાને ૩૧ ડિસેમ્બરે મેરીલેન્ડ શહેરમાં તેમના એપાર્ટમેન્ટમાં જોઈ હતી. ૩ જાન્યુઆરીએ પોલીસે અર્જુન શર્માના એપાર્ટમેન્ટમાં સર્ચ વોરંટ આધારે દરોડો પાડ્યો ત્યારે તેણી મૃત હાલતમાં મળી આવી હતી. તેના શરીર પર ચપ્પુના અસંખ્ય ઘા હતા.પોલીસે જણાવ્યું કે, ગોદિશાલાના લાપતા થયાની સૂચના આપ્યા બાદ અર્જુન શર્મા તે દિવસે જ ભારત ભાગી આવ્યો હતો.

અર્જુને ૩૧ ડિસેમ્બરે સાંજે ૭ વાગ્યા બાદ ગમે તે સમયે તેની હત્યા કરી હતી. હાલ હત્યાનું કારણ સામે આવ્યું નથી. હાવર્ડ કાઉન્ટી પોલીસ મુજબ, હત્યાના આરોપી પૂર્વ પ્રેમીની ભાળ મેળવવા અને ધરપકડ માટે એજન્સીઓ સાથે મળીને કામ કરી રહ્યા છે.

# આસામમાં વહેલી સવારે ૫.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો

## આંચકાથી ગાઢ નિદ્રામાં સૂતેલા લોકો ભયભીત થઈ ઘરની બહાર દોડી આવ્યા

મોરીગાંવ

આસામના મોરીગાંવ જિલ્લામાં સોમવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી. સવારે લગભગ ૪:૧૭ વાગ્યે આવેલા આ ભૂકંપના આંચકાને કારણે ગાઢ નિંદ્રામાં સૂતેલા લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ આસામના મોરીગાંવમાં જ હતું. તેનું અક્ષાંશ ૨૬.૩૭ ડિગ્રી ઉત્તર અને રેખાંશ ૯૨.૨૯ ડિગ્રી પૂર્વ નોંધવામાં આવ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી લગભગ ૫૦ કિલોમીટર નીચે હોવાનું જણાવાયું છે.

ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર ખુલ્લામાં આવી ગયા હતા. જોકે, રાહતની વાત એ છે કે હાલમાં કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના કોઈ સત્તાવાર સમાચાર સામે આવ્યા નથી.

# યુક્રેનના પાટનગર કિવ પર રશિયાએ કર્યો હવાઈ હુમલો

## મેયરે લોકોને બંકરોમાં છુપાઈ જવા માટે ચેતવણી આપી

કિવ

રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને રોકવા માટેના તમામ પ્રયાસો નિષ્ફળ જઈ રહ્યા છે, બંને તરફથી હુમલા કરવામાં આવી રહ્યા છે. એવામાં આજે સોમવારે વહેલી સવારે રશિયાએ યુક્રેનનાં પાટનગર કિવ પર એક મોટો હવાઈ હુમલો કર્યો હતો.

કિવ શહેરના મેયર વિટાલી ક્લિટ્સ્કોએ તામામ શહેરીજનોને 'આશ્રયસ્થાનોમાં રહેવા' છુપાઈને રહેવા કહ્યું છે. ક્લિટ્સ્કોએ ટેલિગ્રામ એપ પર લખ્યું, "એર ડિફેન્સ ફોર્સિઝ પાટનગરમાં કાર્યરત છે. શેલ્ટર્સમાં છુપાઈને રહો!"

સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક વિડીયોમાં રશિયાના હુમલાના દ્રશ્યો જોવા મળે છે.ખાર્કિવમાં પણ હુમલાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અગાઉ ગત શુક્રવારે ખાર્કિવ પર રશિયન મિસાઈલ હુમલામાં પાંચ લોકો માર્યા ગયા હતા. બીજી તરફ યુક્રેને કરેલા ડ્રોન હુમલામાં રશિયાના સરહદી વિસ્તારોમાં બે લોકો માર્યા ગયા હતા.

નોંધનીય છે કે શનિવારે યુરોપ અને અન્ય સાથી દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની કિવની મુલાકાતે આવ્યા હતાં, આ દરમિયાન તેમણે યુક્રેનને સુરક્ષા અને આર્થિક સહાય આપવા અંગે અંગે ચર્ચા કરી હતી. સુરક્ષા સલાહકારોની મુલાકાત્ સમાપ્ત થયા બાદ રશિયાએ કિવ પર હુમલા હાથ ધર્યા છે.નોંધનીય છે કે, રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ ૨૦૨૬વર્ષ શરુ થયું ત્યારથી અત્યાર સુધી યુક્રેને દરરોજ મોસ્કો તરફ ડ્રોન છોડી રહ્યું છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે ટેલિગ્રામ પર આપેલી જાણકારી મુજબ રવિવારે મધ્યરાત્રિ સુધીમાં, રશિયન એર ડિફેન્સ સિસ્ટમે મોસ્કોમાં પર ૫૭ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યા હતા, જેમાંથી સમગ્ર રશિયામાં કુલ ૪૩૭ ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતાં.

# દિલ્હીના ૨૦૨૦ના રમખાણ કેસમાં ઉંમર ખાલિદ અને શરજીલ ઈમામના જમીન સુપ્રીમ કોર્ટે નકાર્યા

## લાંબા સમયની કેદ જામીન મેળવવા માટે આધાર નથી : કોર્ટનો નિર્દેશ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે આજે ૨૦૨૦ ના દિલ્હી રમખાણ કેસમાં ઉમર ખાલિદ, શરજીલ ઈમામ અને અન્ય આરોપીઓની જામીન અરજીઓ પર સુનાવણી કરી હતી. કોર્ટે ચુકાદો આપ્યો કે લાંબી કેદ જામીન માટેનો આધાર નથી. આ બંનેને જામીન નકારવા ઉપરાંત, કોર્ટે આ કેસમાં અન્ય આરોપીઓ ગુલ્ફીશા ફાતિમા, મીરાન હૈદર, શિફા ઉર રહેમાન, મોહમ્મદ સલીમ ખાન અને શાદાબ અહેમદને પણ જામીન આપ્યા.

સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામ દિલ્હી રમખાણો કેસમાં અન્ય આરોપીઓ કરતા અલગ સ્થિતિમાં છે. કોર્ટેસ્પષ્ટ કર્યું હતું કે ટ્રાયલમાં વિલંબનો ઉપયોગ થઈ શકતો નથી. આમ કરવાથી કાયદાકીય સુરક્ષાને આપમેળે સ્થાનાંતરિત કરવાનું જોખમ રહેલું છે. ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, ગુલ્ફીશા ફાતિમા, મીરાન હૈદર અને રહેમાન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ અને ભારતીય દંડ સંહિતા હેઠળ ગંભીર આરોપોનો સામનો કરે છે. પોલીસે જણાવ્યું હતું કે આ વ્યક્તિઓ ફેબ્રુઆરી ૨૦૨૦ ની હિંસામાં મુખ્ય કાવતરાખોર હતા, જેમાં ૫૩ લોકો માર્યા ગયા હતા અને ૭૦૦ થી વધુ ઘાયલ થયા હતા.

# કાશીના ઈતિહાસમાં પહેલી વાર રાષ્ટ્રીય વોલીબોલ સ્પર્ધાનું આયોજન

## ૭૨મી સિનિયર નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપની મેચો ૧૧ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે

નવીદિલ્હી,

કાશીના ઈતિહાસમાં આ પહેલી વાર છે કે રાષ્ટ્રીય સ્તરની ચેમ્પિયનશિપ યોજાઈ રહી છે. માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ડૉ. સંપૂર્ણાનંદ સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે આ ઐતિહાસિક સ્પર્ધાનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું. યુપી વોલીબોલ એસોસિએશનના પ્રમુખ અને નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક પણ હાજર હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય વોલીબોલ ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કર્યું. તેમણે કાશીના સિગરા સ્ટેડિયમ ખાતે બપોરે ૧૨ વાગ્યે વર્ચ્યુઅલી તેનું ઉદ્ઘાટન કર્યું. ૭૨મી સિનિયર નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપની મેચો ૧૧ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. આ કાર્યક્રમમાં હાજર રહેલા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સ્ટેડિયમમાં ખેલાડીઓનો ઉત્સાહ વધારતા જોવા મળ્યા. ઉત્તર પ્રદેશ વોલીબોલ એસોસિએશનના પ્રમુખ અને નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક પણ ઉદ્ઘાટન સમારોહમાં હાજર હતા. ચેમ્પિયનશિપમાં સ્વિટ્ઝર્લેન્ડથી આંતરરાષ્ટ્રીય વોલીબોલ ફેડરેશનના નિરીક્ષકો પણ હાજર હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં આપણે સમગ્ર ભારતમાં વિકાસ જોયો છે.

CMYK CMYK

# અંબાણી પરિવારે કષ્ટભંજનદેવ હનુમાનજીના દર્શન અને પૂજન કર્યું






## અંબાણી પરિવારને સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટેના સંતોએ આશીર્વાદ પાઠવ્યા, સાળંગપુર હનુમાનજી મંદિરને ૫ કરોડનું દાન આપ્યું

બોટાદ.

વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવતા અને કરોડો લોકોની આસ્થાના કેન્દ્ર સમાન શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુર ધામની રવિવારે દેશના અગ્રણી ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશભાઈ અંબાણી અને અનંત અંબાણીએ મુલાકાત લીધી હતી. તેઓએ કષ્ટભંજનદેવ હનુમાનજીદાદાના દિવ્ય દર્શન અને પૂજન કરીને ધન્યતાનો અનુભવ કર્યો હતો.

આ વિશેષ મુલાકાત દરમિયાન મુકેશભાઈ અંબાણીએ સાળંગપુર મંદિરના વરિષ્ઠ સંતો સાથે મુલાકાત કરી હતી.સ્વામીજીએ મુકેશભાઈ અને અનંત અંબાણીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને તેમને હનુમાનજી મહારાજનો ખેસ પહેરાવી સન્માનિત કર્યા હતા.અને આધ્યાત્મિક અને સામાજિક વિષયો પર ટૂંકી ગોષ્ઠિ પણ યોજાઈ હતી. સ્વામીજીએ મુકેશભાઈને અને તેમના પરિવારને સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. મુકેશભાઈએ પણ સંતોના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.મુકેશ અંબાણીએ સાળંગપુર હનુમાનજી મંદિરને રૂ. ૫ કરોડના દાનની જાહેરાત પણ કરી હતી

આ ઉપરાંત કોઠારી સ્વામીએ સાળંગપુર હનુમાનજી મંદિરની આરતી જીયો પર લાઈવ કરવા મુકેશ અંબાણીને કહેતા મુકેશ અંબાણીએ તેના દિકરા અંનત અંબાણીને સુચના આપી હોવાનું સ્વામીએ જણાવ્યું હતું. દેશના ઉધોગપતિ મુકેશ અંબાણી અને અંનત અંબાણીને જોવા સાળંગપુર ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટયા હતા.મુકેશ અંબાણી અને અંનત અંબાણી દર્શન કરી રવાના થતાં લોકોએ જયશ્રી રામના નારા લગાવ્યા હતા.

# સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલ સસ્પેન્ડ ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડમાં થઈ કાર્યવાહી

## ઈડી દ્વારા કરવામાં આવેલી તપાસમાં ૧૦ કરોડથી વધુ રૂપિયાની લાંચ લેવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું

ગાંધીનગર,

સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર મુદ્દે છેલ્લા કેટકાય દિવસથી સતત ચર્ચા ચાલી રહી છે. જમીન દ્વછ કરવા ૧૦ કરોડથી વધુની લાંચ લીધાના આરોપમાં પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં છે. ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડમાં ઈડી દ્વારા સતત તપાસ કરવામાં આવી રહી છે. ઈડીએ સુરેન્દ્રનગર જિલ્લાના તત્કાલીન કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલની ૨જી જાન્યુઆરીએ ધરપકડ કરી હતી. ધરપકડ બાદ હવે તંત્ર દ્વારા વધુ કાર્યવાહી કરવામાં આવી અને રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં છે.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, ઈડી દ્વારા કરવામાં આવેલી તપાસમાં ૧૦ કરોડથી વધુ રૂપિયાની લાંચ લેવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. જેથી રાજેન્દ્ર પટેલની ધરપકડ કરવામાં આવી અને અમદાવાદ કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ માગ્યા હતા. જોકે, કોર્ટ દ્વારા ૭ જાન્યુઆરી સુધીના રિમાન્ડ આપવામાં આવ્યાં હતા. આજે રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ પણ કરી દેવામા આવ્યાં છે. આ કેસમાં હજી તપાસ ચાલી રહી છે. ઈડી દ્વારા સતત તપાસ કરવામાં આવી રહી છે, જેથી આ ૧૫૦૦ કરોડના કૌભાંડમાં અન્ય પણ નામો ખુલે તેવી આશંકાઓ છે.

ઈડી દ્વારા આપવામાં આવેલી જાણકારી પ્રમાણે નાયબ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ચંદ્રસિંહ મોરીએ જણાવ્યું હતું કે લાંચના પૈસામાંથી ૫૦% કલેક્ટર ડૉ. રાજેન્દ્ર પટેલને, ૨૫% રહેણાંક વધારાના કલેક્ટર આર.કે. ઓઝાને, ૧૦% મોરી અને મામલતદાર મયુર દવેને અને ૫% ક્લાર્ક મયુંસિંહ ગોહિલને મળ્યા હતા. ઈડીએ એવો પણ દાવો કર્યો હતો કે પટેલના અંગત મદદનીશ તેમના વતી લાંચ એકત્રિત કરતા હતા અને બાદમાં તેમને સોંપતા હતા.

# ગાંધીનગરમાં બાળકો અને નાગરિકોમાં પાણીજન્ય ટાઈફોઈડના ચિંતાજનક કેસ

## અમિત શાહના તંત્રને યુદ્ધના ધોરણે કામગીરી કરવાના આદેશ

ગાંધીનગર,

ગાંધીનગર શહેરના સેકટર ૨૪, ૨૮ અને આદિવાડા વિસ્તારમાં પાણીની પાઈપલાઈન લીકેજના થવાના કારણે દૂષિત પાણીથી બાળકો અને નાગરિકોમાં ટાઈફોઈડના કેસ સામે આવ્યા છે જે અંગે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીઅમિતભાઈ શાહે નાયબ મુખ્યમંત્રીહર્ષભાઈ સંઘવી, જિલ્લા કલેકટરતેમજ મ્યુનિસિપલ કમિશ્નરસાથે સતત સંપર્કમાં રહી, ચર્ચા કરી વર્તમાન પરિસ્થિતિ અંગે સંપૂર્ણ વિગતો મેળવી પ્રવર્તમાન પરિસ્થિતિ સામે યુદ્ધના ધોરણે કામગીરી કરવા સૂચના આપી છે. અમિતભાઈ શાહે આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ટાઈફોઈડથી અસરગ્રસ્ત બાળકો અને નાગરિકોને નિષ્ણાંત તબીબો દ્વારા ઝડપી અને સચોટ સારવાર મળી રહે તે માટેના આદેશ આપ્યા છે તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલખાતે પીડિત દર્દીઓ અને સગાઓ માટે ભોજનની સુવિધા સુનિશ્ચિત કરવા અંગે સૂચના આપી છે.

# અમદાવાદમાં જાણીતા સિંગર હાર્દિલ પંડ્યા પર જીવલેણ હુમલો

અમદાવાદ,

જૂની અદાવત અને સોંગ ક્રેડિટના વિવાદમાં જાણીતા સિંગર હાર્દિલ પંડ્યા પર ગુજરાતી સિંગર શ્યામ સિધાવતે જીવલેણ હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. શ્યામ સિધાવત અને તેના સાગરિતોએ મળીને હુમલો કરતાં મુંબઈના સિંગરને ગંભીર ઈજાઓ પહોંચી છે. આરોપી સિંગરે એક વર્ષ જૂની સોંગ ક્રેડિટની અદાવત રાખીને હુમલો કર્યો હતો. વસ્ત્રાપુર પોલીસમાં આ મુદ્દે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે બે શખ્સો સામે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.



મૂળ અમદાવાદના અને હાલ મુંબઈ સ્થાયી થયેલા સિંગર હાર્દિલ પંડ્યા અને ગુજરાતી સિંગર શ્યામ સિધાવત વચ્ચે એક વર્ષ પહેલા રિલીઝ થયેલા એક ગીતની ક્રેડિટ બાબતે વિવાદ ચાલતો હતો. હાર્દિલે આ અંગે લીગલ નોટિસ મોકલી હતી, જેના કારણે શ્યામ તેને અગાઉ પણ ધમકીઓ આપતો હોવાનો આક્ષેપ છે.

હાર્દિલ પંડ્યા જ્યારે તેના મિત્રો સાથે ૨૯ ડિસેમ્બરે એસ.જી. હાઈવે પર જઈ રહ્યો હતો, ત્યારે શ્યામ સિધાવત, પવન પરમાર અને અન્ય ચાર શખ્સોએ તેને આંતર્યો હતો. હથિયારો વડે થયેલા હુમલામાં હાર્દિલના મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા ટાંકા લેવા પડ્યા છે. કાનનો પડદો ફાટી જવાથી તે બેભાન થઈ ગયો હતો. તબીબોના જણાવ્યા મુજબ, આગામી ૩ થી ૪ મહિના સુધી તે હાઈ-પિચ પર ગાઈ શકશે નહીં, જે તેના કરિયર માટે મોટો ફટકો છે.

આ સમગ્ર ઘટના અંગે હાર્દિલે ૩૦ ડિસેમ્બરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં વસ્ત્રાપુર પોલીસે શ્યામ સિધાવત સહિતના શખ્સો સામે ગુનો નોંધ્યો છે, પરંતુ પોલીસની કામગીરી શંકાના દાયરામાં છે. હાર્દિલે તરત ફરિયાદ નોંધાવી હતી, પરંતુ સામે પક્ષે શ્યામની પત્નીએ છેક ૪ દિવસ બાદ હાર્દિલ વિરુદ્ધ બીભત્સ શબ્દો બોલ્યાની ફરિયાદ નોંધાવી છે. હાર્દિલ પંડ્યાનો આક્ષેપ છે કે શ્યામની પત્ની દ્વારા કરવામાં આવેલી વળતી ફરિયાદ માત્ર અસલ કેસને દબાવવા અને પોલીસ પર દબાણ લાવવા માટે કરવામાં આવી છે.

આ સમગ્ર કિસ્સામાં હાલ વસ્ત્રાપુર પોલીસે એસ.જી. હાઈવેના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે. આ હાઈપ્રોફાઈલ મારામારીમાં કોનો પક્ષ સાચો છે અને હુમલા પાછળ અન્ય કોઈ કારણો છે કે કેમ તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.

# ગાંધીધામમાં વનમંત્રી મોઢવાડીયાના હસ્તે વાયબ્રન્ટ કચ્છનો શુભારંભ

## વાઈબ્રન્ટ કચ્છ પ્રોગ્રામમાં કુલ ૩૩૪ એમએસએમઇ એકમો સાથે રૂ.૮૫૦૦ કરોડના એમઓયુ સાઈન થયા

ભુજ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર કન્વેશન સેન્ટર ગાંધીધામ ખાતે વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમનો શુભારંભ કરાવતા વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, કચ્છની ખમીરવંતી પ્રજાએ અનેક કુદરતી આફતોની પીડા વેઠીને આજે કચ્છને વિકાસનું કેન્દ્ર બનાવ્યું છે. સરકારના વિઝન અને કચ્છીઓની ખુમારી થકી કચ્છ ઔદ્યોગિક હબ બન્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશિતાથી એક પ્રદેશની કઇ રીતે કાયાકલ્પ થઇ શકે તેનું કચ્છ ઉદાહરણ છે. કચ્છીઓ જે રીતે પડકારોને ઝીલનારી પ્રજા છે તે જ રીતે વડાપ્રધાનએ કચ્છના પડકારોને તકમાં પલાટાવીને કચ્છનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. પાણી, રોજગાર સહિતના મુદે એક સમયે પીડિત કચ્છ આજે અન્ય રાજ્યોના લોકોને રોજગારી આપી રહ્યું છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર વિકાસના રથને આગળ વધારતા કચ્છ આજે ટુરીઝમ, ખેતી તથા ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર બન્યું છે. કચ્છ રીન્યુએબલ એનર્જીનું હબ સાથે દેશનો ૪૦ ટકા કાર્ગો હેન્ડલ કરી રહ્યું છે. મંત્રીએ આવનારા સમયમાં કચ્છ ઈલેકટ્રોનિક કમ્પોનન્ટના પીસીબીના નિમાર્ણ માટે, ગ્રીન હાઈડ્રોજન, ડેટા સેન્ટર, બ્લુ ઈકોનોમી જેવા ક્ષેત્રના વિકાસ માટે મુખ્ય કેન્દ્ર બની શકે તેમ હોય રોકાણકારોને તેમાં જોડાવવા હાકલ કરી હતી.

આ તકે ધોલેરાના વિકાસ વાત કરતા તેઓએ ઉમેર્યું હતું કે, પડકારોને તકમાં પરિવર્તન કરવું વડાપ્રધાનના વિઝનમાં છે. કોરાનાકાળમાં ગણતરીના દિવસોમાં વેક્સિન બનાવવાથી લઈને લોકોને આપવા સુધીની કામગીરી કરી ભારતે અન્ય દેશોને માત આપી હતી. આજે ભારત વેક્સિન હબ બન્યું છે. તે જ રીતે સેમિકન્ડટર, ઈલેકટ્રોનિક કમ્પોન્ટના પડકારને ઝીલીને તેના ઉત્પાદન માટે સજ્જ બનેલું ભારત આવનારા વર્ષોમાં આત્મનિર્ભર બની દુનિયામાં અગ્રેસર બનશે.

વન અને પર્યાવરણ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે દરેક ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનવું પડશે. આ માટે કચ્છમાં ભરપૂર પોટેન્શિયલ હોવાથી ભારતના ભવિષ્યને નિમાર્ણ કરનાર ક્ષેત્રમાં રોકાણ માટે કચ્છમાં આવી સંપત્તિસર્જન કરવા આહવાન કર્યું હતું. આવનારો સમય એઆઇ, ક્વોન્ટમ ટેકનોલોજી તથા બાયો ટેક્નોલોજીનો હોવાથી આ ક્ષેત્રમાં વિકાસ માટે આધુનિક રિસર્ચ સેન્ટર, એક્સલન્સ લેબનું સહિતનું નિર્માણ કરી ગુજરાત સજ્જ બન્યું હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, કચ્છનો ગોલ્ડન પિરિયડ ચાલી રહ્યો છે. તેઓએ "ટકાઉ વિકાસ"ની વિભાવના અને પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે કચ્છમાં વર્લ્ડ ક્લાસ નર્સરી બનાવવા જણાવ્યું હતું. કચ્છમાં ગ્રીન કવર વધારવાની આ ઝુંબેશમાં ઉદ્યોગો પણ જોડાય તેવો અનુરોધ તેમણે કર્યો હતો.ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણ રાજયમંત્રી ત્રિકમ છાંગાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે ધુરા સંભાળી ત્યારથી વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત થઈ હતી. આજે જિલ્લાકક્ષાએ તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જે બદલ તેમણે કચ્છ જિલ્લા વહીવટી તંત્ર અને કચ્છના ઉદ્યોગ સાહસિકોને અભિનંદન પાઠવ્યા હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસને આંદોલન બનાવીને ભૂકંપની પીડા સાથે પાણી, બેરોજગારીની સ્થિતિમાં કચ્છને બેઠું કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનથી કચ્છ અવિરત વિકાસ સાધી રહ્યું છે.

# નલિયા ૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર, હજુ પારો ગગડવાની આગાહી

## હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ તાપમાનમાં ઘટાડો થવાની આગાહી કરી

અમદાવાદ,

ગુજરાતમાં હાલ હાડ થિજવતી ઠંડીનો દોર ચાલી રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ન્યૂનતમ તાપમાનનો પારો ઘણો નીચો નોંધાયો હતો. કોલ્ડ સિટી નલિયામાં આ પારો ગગડીને ૮ ડિગ્રી સેલ્સીયસ સુધી પહોંચી જતાં, કચ્છમાં આ કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ તાપમાનમાં ઘટાડો થવાની આગાહી કરી છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં ન્યુનતમ તાપમાન નલિયામાં ૮.૦ ડિગ્રી સેલ્સીયસ, રાજકોટમાં ૯.૫ ડિગ્રી સેલ્સીયસ, ડીસામાં ૧૦.૮ ડિગ્રી સેલ્સીયસ, ભુજમાં ૧૧.૨ ડિગ્રી સેલ્સીયસ, ગાંધીનગરમાં ૧૨.૦ ડિગ્રી સેલ્સીયસ, દાહોદમાં ૧૨.૮ ડિગ્રી સેલ્સીયસ, કંડલામાં ૧૩.૦ ડિગ્રી સેલ્સીયસ, વડોદરામાં ૧૪.૨ ડિગ્રી સેલ્સીયસ, ભાવનગરમાં ૧૪.૬ ડિગ્રી સેલ્સીયસ, અમદાવાદમાં ૧૪ ડિગ્રી સેલ્સીયસ અને સુરતમાં ૧૫.૬ ડિગ્રી સેલ્સીયસ તાપમાન નોંધાયુ હતું.

હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યમાં આગામી ૨ દિવસ દરમિયાન ન્યૂનતમ તાપમાન યથાવત રહેશે અથવા ૧ ડિગ્રી સેલ્સીયસ જેટલો વધારો થઈ શકે છે. જ્યારે આગામી ૫ દિવસ દરમિયાન ન્યૂનતમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સીયસ જેટલો વધારો નોંધાઈ શકે છે. આમ આગામી દિવસોમાં પણ રાજ્યમાં હાડ થીવજતી ઠંડી ની અસર જોવા મળી શકે છે. જો કે કોલ્ડ સિટી નલિયામાં આગામી દિવસોમાં તાપમાન વધુ એક ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે.

જો અમદાવાદ અને ગાંધીનગરની વાત કરવામાં આવે તો હાલ જે ન્યૂનતમ તાપમાનનો પારો અનુક્રમે ૧૪ અને ૧૨ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું છે તેઆગામી દિવસોમાં ૧૫ થી ૧૬ ડિગ્રી સેલ્સીયસ જેટલું રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આ દરમિયાન રાજ્યમાં વહેલી સવારે વાય રહેલા ઠંડા પવનો આગામી દિવસોમાં તાપમાનનો પારો વધુ ગગડાવે તેવી સંભાવના છે.

# કન્ઝ્યુમર અવેરનેસ ભારત યાત્રાના આગમન પ્રસંગે ગુજરાતની ગ્રાહક સંસ્થાઓ સાથે બેઠક

અમદાવાદ,

ભારતીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના ગ્રાહક બાબતોના વિભાગના નેજા હેઠળ કાર્યરત ભારતની રાષ્ટ્રીય માનક સંસ્થા, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ ગુજરાતમાં યાત્રાના બીજા તબક્કાના ભાગરૂપે, ૦૩ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ અમદાવાદમાં કન્ઝ્યુમર અવેરનેસ ભારત યાત્રાના આગમન પ્રસંગે ગુજરાતની ગ્રાહક સંસ્થાઓ સાથે એક બેઠકનું આયોજન કર્યું હતું.

BIS વર્ષ ૧૯૪૭ થી ભારતીય ઉદ્યોગો અને ગ્રાહકોની સેવા કરી રહ્યું છે, જ્યારે તેની સ્થાપના ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ ઈન્સ્ટિટ્યુશન (ISI) તરીકે કરવામાં આવી હતી. દાયકાઓ દરમિયાન, BIS એ તેની કન્ફોર્મિટી એસેસમેન્ટ, લેબોરેટરી સર્વિસીસ, હોલમાર્કિંગ અને અન્ય પ્રમાણપત્ર યોજનાઓ દ્વારા ઉત્પાદનોની ગુણવત્તા, સલામતી અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ISI માર્ક ભારતીય ઘરો માટે ગુણવત્તાનો પર્યાય બની ગયો છે, જ્યારે હોલમાર્કિંગ સ્કીમ સોનાના દાગીનામાં શુદ્ધતાની સર્વોચ્ચ ખાતરી પૂરી પાડે છે. BIS એ દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૦,૦૦૦ થી વધુ સ્ટાન્ડર્ડ્સ ક્લબની સ્થાપના કરીને યુવાનોમાં ગુણવત્તા પ્રત્યે જાગૃતિ લાવવા માટે સક્રિય પગલાં પણ લીધા છે.

BIS વર્ષ ૧૯૭૧ થી ગુજરાત રાજ્યમાં સક્રિયપણે સેવા આપી રહ્યું છે. આ સમયગાળા દરમિયાન, ગુજરાતના ઉદ્યોગોએ ૬૫૦૦ થી વધુ મૈંજી લાયસન્સ મેળવ્યા છે, જે દેશભરમાં જારી કરાયેલા કુલ લાયસન્સના ૧૨ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, જે ગુણવત્તા, પાલન અને નવીનતા પ્રત્યે રાજ્યની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

કન્ઝ્યુમર કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયા (CCI) ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ (રાષ્ટ્રીય ગ્રાહક દિવસ) થી ૧૫ માર્ચ, ૨૦૨૬ સુધી સમગ્ર ભારતમાં ત્રણ મહિનાની ગ્રાહક જાગૃતિ ઝુંબેશનું આયોજન કરી રહ્યું છે. આ યાત્રાનો ઉદ્દેશ્ય વર્કશોપ અને સેમિનાર દ્વારા ગ્રાહક અધિકારો, વાજબી વેપાર પદ્ધતિઓ, ભેળસેળ અટકાવવા અને સાચા તોલમાપ વિશે જાગૃતિ લાવવાનો છે. ૧૪૫ શહેરોમાં ૧૭,૦૦૦ કિમીથી વધુની મુસાફરીને આવરી લેતી આ યાત્રા વિવિધ સરકારી અને નિયમનકારી સંસ્થાઓના સમર્થન સાથે તમામ ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પસાર થશે.

# જન્મજાત અન્નનળીની ગંભીર ખામીથી પીડાતી દ્વિજાને આખરે મળી જીવનની સૌથી મીઠી ક્ષણ

## ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરીથી ૫ વર્ષની દ્વિજા એ પ્રથમ વખત મોંથી ભોજન લીધું

અમદાવાદ,

સિવિલ હોસ્પિટલ ના પીડીયાટ્રીક સર્જરી વિભાગ ના ડોક્ટરો દ્વારા ખેડાની પાંચ વર્ષની દ્વિજા ઉપર અત્યંત જટીલ એવી ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરી છે.

વર્ષ ૨૦૨૫ માં સિવિલ હોસ્પિટલ ના ડોક્ટરો દ્વારા આવી ત્રણ ગેસ્ટ્રીક સર્જરી કરી ૩ બાળકોના જીવનમાં સ્વાદ ભરવામાં આવ્યો છે. જન્મ થી પાંચ વર્ષ સુધી ટ્યૂબ વડે બહારથી થોડા થોડા સમયે ખોરાક આપવો અને બાળક નું પોષણ ટકાવી રાખવું એ માતા પિતા માટે અગ્નિ પરીક્ષા સમાન હતું.

અત્યંત જટિલ ગેસ્ટ્રિક પુલઅપ સર્જરીમાં હોજરીને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલ માં અગાઉ પણ આ પ્રકારની ખામી ધરાવતા બાળકો ઉપર સફળ સર્જરી કરી તેમને મોં વાટે ફરીથી ખોરાક લેતા કર્યા છે.

જન્મથી પાંચ વર્ષ સુધી ટ્યૂબ વડે બહારથી ભોજન લેવા મજબૂર દ્વિજાને પહેલી વાર મોંઢેથી ખોરાક લેતાં જોઈને તેના માતા પિતાની આંખમાં હરખનાં આંસુઓ આવી ગયા હતા તેમણે સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

ઈસોફેજીયલ એટ્રેશિયા એ ૪૦૦૦ બાળકોમાં એકમાં જોવા મળતી દુર્લભ જન્મજાત ખામી છે. આ વિશે વધુ વિગતો આપતા સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષી એ જણાવ્યુ હતુ કે ખેડા ના રહેવાસી અને વ્યવસાયે શિક્ષક એવા વૈભવ મહેતા અને કોકિલા બેનની દીકરી દ્વિજાને જન્મ થી અન્નનળી બનેલી જ નહતી એટલે એ સમય તાત્કાલિક ધોરણે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં જ ઓપરેશન કરી ગળા માં કાણું કર્યું જ્યાં થી લાળ બહાર આવે અને હોજરી માં ટ્યૂબ મૂકી જેથી ખાવાનું આપી શકાય

શરીરમાં લોહીની ખામી, શરદી, કફ વગેરે તકલીફો ના કારણે દ્વિજાને ગેસ્ટ્રીક પૂલ અપ સર્જરી કરવામાં પાંચ વર્ષ જેટલો સમય લાગ્યો હતો આખરે જન્મ ના પાંચ વર્ષ પછી માતા પિતા ની અથાક મહેનત ના પરિણામે દ્વિજા નું વજન તેમજ લોહીના ટકામાં સુધારો થતા સિવિલ હોસ્પિટલના પીડીયાટ્રીક સર્જરી વિભાગના ડોક્ટરો દ્વારા તેની ગેસ્ટ્રીક પૂલ અપ સર્જરી કરવા નું નક્કી કરવામાં આવ્યું હતું.

દ્વિજાની આ સર્જરી માટે પિતા વૈભવભાઈએ પ્રાઈવેટ હોસ્પિટલમાં તપાસ કરતા આશરે ચારથી પાંચ લાખ લાખ રૂપિયા નો ખર્ચો જણાવવા માં આવ્યો હતો પરંતુ આટલો ખર્ચો પરવડે તેમ ન હોવાથી તેમજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આ પ્રકારના ઘણા દર્દીઓની સફળ સારવાર થઈ હોવાનું માલુમ પડતા તેઓએ દ્વિજા ની ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી પણ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે જ કરાવવાનું નક્કી કર્યું

તા. ૧૭.૧૨.૨૫ ના રોજ ડૉ. રાકેશ જોશી પ્રોફેસર પીડિયાટ્રિક સર્જરી , ડોક્ટર જયશ્રી રામજી પ્રોફેસર પીડીયાટ્રીક સર્જરી અને ડો. સીમા પ્રોફેસર એનેસ્થેસિયા વિભાગ તથા ર્ડા. મૃણાલિની અને ર્ડા. કિંજલ ની ડોક્ટરોની ટીમ દ્વારા પાંચ વર્ષની દ્વિજાની સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરવામાં આવી.

સર્જરી બાદ પોસ્ટઓપરેટિવ પીરીયડ કોઈ પણ તકલીફ વગર નો રહેતા દ્વિજા એ પાંચ વર્ષે પહેલીવાર મોઢા દ્વારા ખાવાનું શરૂ કર્યું હતું.

# કાલથી ભાવનગરના યજમાન પદે આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ ; આઠ મહાનગરો વચ્ચે ક્રિકેટ જંગ

## મેયર ઈલેવન અને કમિશનર ઈલેવનની દિવસ-રાત ફોર્મેટમાં ૧૬ ટીમો ભાગ લેશે



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૫

પ્રતિ વર્ષ યોજાતી આંતર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટમાં આ વર્ષે ભાવનગર યજમાન છે, આંતર કોર્પોરેશન ટુર્નામેન્ટ ૬ જાન્યુઆરીથી ૯ જાન્યુઆરી દરમિયાન યોજાશે. તેમાં આઠ મહાનગરપાલિકાઓની મેયર ઈલેવન અને કમિશનર ઈલેવન એમ કુલ ૧૬ ટીમો ભાગ લેશે, આ ટુર્નામેન્ટ ભાવનગર યુનિવર્સિટી અને ભરુચા ક્રિકેટ ક્લબના ગ્રાઉન્ડ ખાતે રમાશે. અંદાજે ૨૫૦ જેટલા ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લેશે, મેચો દિવસ-રાત ફોર્મેટમાં આધુનિક ક્રિકેટ ધોરણો મુજબ રમાશે.

મેયર ભરતભાઈ બારડ અને કમિશનર મીનાએ સયુંકત પ્રેસ કોન્ફ્રન્સમાં માહિતી આપી હતી. ભાવનગર,અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ તથા ગાંધીનગરની ટીમો ભાગ લેશે અને વિજેતા ટીમોને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવશે.તેમજ રનર્સ અપ ટ્રોફી શ્રેષ્ઠ બેસ્ટમેન, શ્રેષ્ઠ બોલર અને મેન ઓફ ધ ટુર્નામેન્ટ પણ આપવામાં આવશે. તેમજ અનુભવી અમ્પાયર્સની નિમણૂક, ખેલાડીઓ માટે મેડિકલ અને ફર્સ્ટ એડ સુવિધાઓ, સુરક્ષાને વ્યવસ્થા માટે સ્ટાફ તથા સ્વચ્છતા અને પીવાના પાણીની સુવિધા સહિતના તૈયારીઓ કરવામાં આવશે.

આ ભવ્ય ઈવેન્ટનો અંદાજિત ખર્ચ રૂપિયા ૫૦ લાખથી વધુ થવાની શક્યતા છે, જેમાં ખેલાડીઓના ટ્રાન્સપોર્ટ, રહેવાની અને જમવાની તમામ સુવિધાઓનો સમાવેશ થાય છે જોકે આ ખર્ચ માટે કોર્પોરેશનના સ્વ-ભંડોળ કે સરકારી ગ્રાન્ટ નહીં, પરંતુ એડવર્ટાઈઝમેન્ટ રાઈટ્સ (જાહેરાતો) થકી આ ભંડોળ એકત્ર કરવામાં આવશે.

આ ટુર્નામેન્ટ માટે રાજયના મુખ્યમંત્રી અને અન્ય મહાનુભાવોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે, તેમના કન્ફર્મશન બાદ તેઓ અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. ભાવનગર યજમાન પદે છે ત્યારે બહારથી આવતા મહેમાનો શહેરની સુંદર છબી લઈને જાય તેવી તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

### નગરજનોને ક્રિકેટ ટુર્નામેન્ટ નિહાળવા જાહેર આમંત્રણ

આંતર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌપ્રથમ વખત ભાવનગર યજમાન થઈ રહ્યું છે ત્યારે શહેર અને જિલ્લાની સુંદર છબી બહારના મહેમાનો સમક્ષ રજૂ થાય તે માટે પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે, મહાનગરપાલિકાએ ભાવનગરના ખેલપ્રેમી નાગરિકોને આ મેચો નિહાળવા અને ટીમોને પ્રોત્સાહિત કરવા આમંત્રણ આપ્યું છે. નાગરિકો માત્ર બેઠક અને પીવાના પાણી સહિતની પ્રાથમિક વ્યવસ્થા પણ કરવામાં આવનાર હોવાનું મેયર, કમિશનરે જણાવ્યું હતું.

## ભાવનગરમાં ઈન્ડિયા ફોર એનિમલ્સ ઝુંબેશ

# રસ્તે રખડતા શ્વાનોને કેદ કરવાની કાર્યવાહી સામે જીવદયા પ્રેમીઓએ અવાજ ઉઠાવ્યો

### સુપ્રીમ કોર્ટના સંભવિત નિર્ણય સામે કરાયું વિરોધ પ્રદર્શન



ભાવનગર,તા.૫

પશુઓ પર થતી ક્રૂરતા અને ખાસ કરીને શેરીના કૂતરાઓને કેદ કરવાની હિલચાલ સામે ભાવનગરના જીવદયા પ્રેમીઓ રસ્તા પર ઉતર્યા હતા. ભાવનગરના આતાભાઈ ચોક ખાતે રવિવારે મોટી સંખ્યામાં શ્વાન પ્રેમીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ એકઠા થઈ 'ઈન્ડિયા ફોર એનિમલ્સ' ઝુંબેશ અંતર્ગત વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા સંદેશ આપવામાં આવ્યો હતો કે પૃથ્વી પર મનુષ્યોની જેમ પ્રાણીઓને પણ જીવવાનો સમાન અધિકાર છે.

આ તકે જણાવવાયું હતું કે, 'આગામી ૭ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાં કૂતરાઓને લગતો જે કેસ છે, જેમાં કોઈ પણ વાંક વગર નિર્દોષ શ્વાનોને જેલમાં પૂરી દેવાની વાત છે, તેની સામે અમારો વિરોધ છે. શેરીના કૂતરાઓ કોઈને નુકસાન નથી પહોંચાડતા, ઉલટાનું તેઓ ગુનાહિત તત્વો સામે સોસાયટીઓને રક્ષણ આપે છે. આવા વફાદાર પ્રાણીઓને પાંજરામાં પૂરી દેવા એ અમાનવીય છે.' બંધારણીય અધિકારો અને જીવદયાની હાકલ વિરોધ પ્રદર્શન દરમિયાન જીવદયા પ્રેમીઓએ જણાવ્યું હતું કે, ભારતીય બંધારણમાં પણ પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી એ નાગરિકની ફરજ ગણાવવામાં આવી છે. તેમ છતાં કૂતરા, બિલાડી અને ગાય જેવા પશુઓ પર ક્રૂરતા આચરવામાં આવે છે. કૂતરાઓને ગેરકાયદેસર રીતે પાંજરામાં રાખવા કે તેમને મારપીટ કરવી તે ગુનો છે. લોકોમાં પ્રાણીઓ પ્રત્યે સંવેદના જાગે અને વહીવટી તંત્ર પશુઓ પ્રત્યે ક્રૂરતા અટકાવે તે હેતુથી આ વિરોધ પ્રદર્શનમાં શહેરના યુવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# વાયબ્રન્ટ રિજ્યોનલ કોન્ફરન્સમાં ભાવનગરની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા તંત્ર સજ્જ

### કલેકટર ડૉ. મનીષકુમાર બંસલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં અપાયો આખરી ઓપ

ભાવનગર,તા.૫

વાયબ્રન્ટ ગુજરાત રિજ્યોનલ કોન્ફરન્સ અંતર્ગત રાજકોટ ખાતે આયોજિત થનાર સૌરાષ્ટ્ર–કચ્છ ઝોનની એક્ઝિબિશનમાં ભાવનગર જિલ્લાનાં લાભાર્થીઓ, ઉદ્યોગસાહસિકો, સ્વરોજગાર એકમો તથા અન્ય હિતધારકોની સક્રિય અને સુવ્યવસ્થિત ભાગીદારી સુનિશ્ચિત કરવા બાબતે ભાવનગર જિલ્લા કલેકટર ડૉ. મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન જિલ્લા કલેકટરે રાજકોટ ખાતે આયોજિત થનારી (સૌરાષ્ટ્ર અને કચ્છ સંયુક્ત) વાયબ્રન્ટ ગુજરાત રિજ્યોનલ કોન્ફરન્સ એક્ઝિબિશનની મહત્વતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ એક્ઝિબિશન જિલ્લાનાં ઉદ્યોગસાહસિકો, સ્વરોજગાર એકમો અને વિવિધ યોજનાના લાભાર્થીઓ માટે પોતાના ઉત્પાદનો, સેવાઓ અને નવીન પ્રયાસોને વિશાળ મંચ પર રજૂ કરવાનો ઉત્તમ અવસર પૂરું પાડે છે.

બેઠકમાં એક્ઝિબિશનમાં ભાગ લેનાર લાભાર્થીઓ, ઉદ્યોગસાહસિકો તથા સ્વરોજગાર એકમોને રાજકોટ લઈ જવા માટે જરૂરી વાહન વ્યવસ્થા, સમયપત્રક, વિભાગવાર આયોજન, સ્ટોલ વ્યવસ્થા, સંકલન તથા અન્ય લોજિસ્ટિક બાબતો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સંબંધિત વિભાગોના અધિકારીઓ વચ્ચે પરસ્પર સંકલન સુનિશ્ચિત કરવા પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકના અંતે જિલ્લા કલેકટરે વાયબ્રન્ટ ગુજરાત રિજ્યોનલ કોન્ફરન્સ અંતર્ગત આયોજિત રાજકોટ એક્ઝિબિશનમાં ભાવનગર જિલ્લાની પ્રતિષ્ઠા ઉન્નત થાય તેવી સક્રિય, અસરકારક અને સુવ્યવસ્થિત ભાગીદારી સુનિશ્ચિત કરવા સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા હતા.આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એન.ડી.ગોવાણી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર સતીશભાઈ ભાટીયા સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ, આગેવાનો તથા અન્ય હિતધારકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભરતીમેળામાં ૩૩ જેટલાં ૧૨૫૦ થી વધુ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરી

### ભાવનગરના અટલ બિહારી વાજપેયી ઓપન એર થીયેટર હોલ ખાતે ક્લસ્ટર રોજગાર ભરતી મેળો યોજાયો



ભાવનગર,તા.૫

ભાવનગર,બોટાદ અને અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી?ના સંયુક્ત ઉપક્રમે શનિવારે અટલ બિહારી વાજપેયી ઓપન એર થીયેટર, મોતીબાગ ટાઉન હોલ ખાતે ક્લસ્ટર રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભરતીમેળામાં કુલ-૩૩ નોકરીદાતાઓ તેમજ ૧૬૦૦ થી વધુ રોજગારવાંચ્છુ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.જેમાંથી સર્વિસ સેક્ટર ૬૫૦ થી વધુ તેમજ મેન્યુફેકચરીંગ સેક્ટરમાં ૬૦૦ થી વધુ એમ કુલ-૧૨૫૦ થી વધુ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

આ ક્લસ્ટર ભરતીમેળાનો ઉદ્દેશ યુવાનોને ખાનગી ક્ષેત્રમાં ઉત્તમ રોજગારીની તકો પૂરી પાડવાનો હતો. જુદી જુદી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ ભરતી મેળામાં ફીટર, વેલ્ડર, ઓપરેટર, વાયરમેન, એચ.આર. સેલ્સ, મેન્ટેનન્સ, બ્યુટિશિયન, હેર ડ્રેસર, ફ્લોર મેનેજર, સોશિયલ મીડિયા મેનેજર, પરચેઝ મેનેજર, એડમીન, માર્કેટિંગ હેડ, કન્ટેન્ટ ક્રિએટર, ફોટોગ્રાફર, કેશિયર, હાઉસ કીપિંગ, સ્ટોક ઈન્ચાર્જ, કાઉન્સેલર વગેરે જેવાં પદો માટે ઉમેદવારોની નોંધણી કરી હતી.આ મેળામાં જિલ્લા રોજગાર અધિકારીએ ઉમેદવારોને રોજગાર સંબંધિત માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવ્યું હતું.

# સર તખ્તસિંહજી હોસ્પિટલ ખાતે ૩૬ નવજાત દીકરીઓને વધામણાં કીટનું કરાયું વિતરણ

### ધારાસભ્ય સેજલબેન પંડ્યાના અધ્યક્ષસ્થાને 'બેટી બચાવો બેટી પઢાવો' કાર્યક્રમ યોજાયો



ભાવનગર,તા.૫

'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન અંતર્ગત આજે ભાવનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા સર તખ્તસિંહજી (સર.ટી.) હોસ્પિટલ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ધારાસભ્ય સેજલબેન પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમ દરમિયાન હોસ્પિટલના ગાયનેક વિભાગમાં ધારાસભ્ય સેજલબેન પંડ્યાના હસ્તે ૩૬ નવજાત જન્મેલ દીકરીઓને 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત દીકરી વધામણાં કીટ વિતરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે દીકરી સમાજની શાન છે અને તેના જન્મથી લઈને શિક્ષણ તથા સશક્તિકરણ માટે સરકાર દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. તેમણે સગર્ભા માતાઓ અને તેમના પરિવારજનોને 'બેટી બચાવો બેટી પઢાવો', 'વ્હાલી દીકરી યોજના', 'સુકન્યા સમૃદ્ધિ યોજના' સહિત વિવિધ સરકારની યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન સગર્ભા બહેનોને વિવિધ મહિલા અને બાળ કલ્યાણ યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તેમજ દીકરીઓના સર્વાંગી વિકાસ માટે સરકાર સતત પ્રતિબદ્ધ હોવાનું પણ જણાવી તેમણે સમાજને દીકરીઓ પ્રત્યે સકારાત્મક અભિગમ અપનાવવા અપીલ કરી હતી.

## ખારી ગામના યુવાનોએ ૨૦૦ બાઇકને લગાવી આપ્યા સેફટી ગાર્ડ


તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૫

સિહોર તાલુકાના ખારી ગામના યુવાનો દ્વારા બનાવેલ સેવા પરમો ધર્મ ગ્રુપ દ્વારા આગામી મકરસંક્રાતિમાં લોકો પોતાની મોજ મનાવવા અગાસીઓ પર એક બીજાના પતંગ કાપવા ધારદાર દોર વડે પતંગ ઉડાવતા હોય જેની દોરીઓથી નિર્દોષ પંખીઓની જિંદગી છીનવાય જાય છે સાથે સાથે બાઈક પર મુસાફરી કરતા નિર્દોષ વાહન ચાલકોના ગાળામાં દોરી ફસાઈ જતા મહામૂલી જિંદગીથી હાથ ધોઈ બેસે છે તો કોઈ ઘવાય છે ત્યારે આગામી તહેવારને અનુલક્ષીને કોઈપણ માનવ જિંદગી આ તીક્ષ્ણ અને ધારદાર દોરીથી જિંદગીથી હાથ ન ધોઈ બેસે કે કોઈ ઘવાય નહી માટે રવિવારે ૨૦૦ મોટર સાઈકલને સેફ્ટી ગાર્ડ લગાડવામા આવ્યા હતા આ માનવતા ભર્યા કાર્યને વાહન ચાલકો સહિત દરેકે બિરદાવ્યું હતું.

# ગ્રામ્ય વિસ્તારમાં એસટી બસની સુવિધા બાબતે દુર્લક્ષ સેવાતા લોકોમાં નારાજગી

### સિહોરના અનેક ગામડાઓના લોકો એસટી બસની સુવિધાથી વંચિત, વિદ્યાર્થીઓ અને ગામલોકો કરી રહ્યા છે પારાવાર મુશ્કેલીનો સામનો

સિહોર,તા.૫

દિવસે- દિવસે લોકોની પાયાની સુવિધા પ્રત્યેની અપેક્ષાઓ વધી રહી છે. અને એમાંય પરિવહન બાબતે અત્યારે લોકોની અપેક્ષાઓ વધી રહી છે. અને એ સુવિધા પૂરી પાડવામાં તંત્ર ઊણું ઊતરે ત્યારે સ્વાભાવિકપણે જ લોકોમાં આ બાબતે કચવાટ અને રોષ જોવા મળતો હોય છે. જેમાં સિહોર તાલુકાના અનેક ગામડાઓમાં રહેતા લોકો અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એસટી બસની સુવિધાથી વંચિત છે જેના કારણે તેઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને જીવના જોખમે ખાનગી વાહનો માં મુસાફરી કરવી પડી રહી છે. ત્યારે હવે તંત્ર દ્વારા આ બાબતે સિહોર તાલુકાના ગામડાઓમાંથી જ્યાં જ્યાં એસટી બસ જતી ન હોય તેનો સર્વે કરી યોગ્ય રીતે ઉકેલ લાવવા માટે લોકમાંગ ઉઠવા પામી છે.

ભારત દેશ આઝાદ થયો ત્યારપછી પણ આજસુધી સિહોરના એવા અનેક ગામડાઓ છે કે તેઓને હજુ સુધી એસટી બસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી નથી. જેમાં સિહોર તાલુકાના ઝરીયા, પીપરડી, ગઢુલા, ભુતિયા, પાડાપાણ, સરવેડી, ઢાંકણ કુંડા, વાવડી ( ગજા), ધ્રુપકા, જાળીયા, રબારીકા, ખાંભા, ભડલી, મગલાણા, પીપળીયા, નાનાસુરકા, પાલડી, કાટોડીયા, નેસડા, કરકોલીયા, સખવદર, પાંચ વડા, નવાગામ ( મોટા), ઉસરડ, વડીયા સહિતના આજુબાજુના વિસ્તારોમાં આવેલા ગામડાઓમાં વસતા લોકો માટે એસ.ટી.ની સુવિધા બાબતે દુર્લક્ષ સેવાતા આ પંથકના રહીશો હેરાન –પરેશાન થઇ રહ્યા છે અને ના છુટકે ખાનગી વાહનો માં મુસાફરી કરવી પડી રહી છે. આજે સમય બદલાયો, વસતી વધી,પણ સુવિધા ઘટી. વધતી વસતીના અનુપાતમાં સુવિધા વધવી જોઈએ, પણ તેની જગ્યાએ આ સુવિધા ઘટી. આ બાબત ગંભીર ગણાય. એસ.ટી.વિભાગ આ બાબતને ગંભીરતાથી લઇ, વહેલામાં વહેલી તકે એસટી બસની સુવિધાથી વંચિત ગામમાં એસ.ટી.શરૂ કરે તેવી સિહોર પંથકના લોકોની માંગ ઉઠવા પામી છે.

### વિદ્યાર્થીઓને પરિવહનના અભાવે અભ્યાસમાં ઉભી થતી મુશ્કેલીઓ

એસટી બસના કારણે ગ્રામ્ય વિસ્તારના બાળકો નું શિક્ષણ ધૂંધળું થઈ રહ્યું છે. તેમાં આ વિસ્તારનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તારના ગામોમાં પૂરતી પરિવહનની સેવા ન હોવાથી બાળકો અને કન્યાઓએ શિક્ષણ છોડ્યું તો કોઈએ શાળા બદલી હોવાનું જાણવા મળેલ છે. બીજા એવા ઘણાં ગામ છે જ્યાં વિધાર્થીઓને બસ મળતી નથી કે અનિયમિત આવે છે. બસ ઊભી નથી રહેતી સહિતના વિધાર્થીઓના બસને લ ઈને ઉભા થયેલા પ્રશ્નોનો તાકિદે ઉકેલ લાવવો આવશ્યક છે.

## રમત ગમતમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી શિક્ષક દંપતિએ ત્રણ મેડલ મેળવ્યા




માસ્ટર એથ્લેટિક્સ એસોસિએશન ઓફ ભાવનગર દ્વારા ભાવનગર શહેર અને જિલ્લાના ૩૦ થી ૯૦ વર્ષ સુધીના ખેલાડીઓ માટે કુદ, ફેક અને દોડ ની વિવિધ રમતો માટે સ્પર્ધાનું આયોજન કરેલું. જેમાં ૬૦+ એઈજ ગ્રુપમાં બી.એમ. કોમર્સ હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય પરેશભાઈ ત્રિવેદીએ શોટપુટ (ગોળા ફેંક)માં તૃતીય ક્રમાંક મેળવીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો જ્યારે કુમારશાળા હાઈસ્કૂલના શિક્ષિકા જીજ્ઞાબેન ત્રિવેદીએ શોટપુટમાં અને હેમર થ્રોમાં એમ બંને ગેમમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરીને સિલ્વર મેડલ્સ પ્રાપ્ત કર્યા હતાં.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## દિવ્યાંગ માનવી વ્હીલ ચેર પર અવકાશયાત્રા કરશે

દિવ્યાંગ માનવીની અવકાશયાત્રા માનવ ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી અધ્યાય તરીકે નોંધાશે. અત્યાર સુધી અવકાશયાત્રા એટલે અતિશય શારીરિક ક્ષમતા ધરાવતા લોકો માટે જ હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ વ્હીલચેરમાં રહેલી વ્યક્તિનું અવકાશમાં જવું આ માન્યતાને તોડી નાખે છે. જર્મન એરોસ્પેસ એન્જિનિયર માઇકેલા બેન્થૌસની યાત્રા માત્ર વૈજ્ઞાનિક ઘટના નથી, પરંતુ સમાન અવસર અને માનવ ગૌરવની ઘોષણા છે. આ ઘટના સમાજને યાદ અપાવે છે કે દિવ્યાંગતા કોઈ અસમર્થતા નથી, પરંતુ અલગ ક્ષમતાનો સ્વરૂપ છે. અવકાશ સુધી પહોંચવાની તક જ્યારે દિવ્યાંગ વ્યક્તિને મળે છે, ત્યારે ધરતી પરના શિક્ષણ, રોજગાર અને સંશોધનમાં પણ સમાનતાનો વિચાર વધુ મજબૂત બને છે. આ યાત્રા લાખો દિવ્યાંગ લોકોને સપનાઓ જોવાની અને તેને સાકાર કરવાની હિંમત આપશે.અવકાશ હંમેશાં માનવ કલ્પનાનું સૌથી ઊંચું શિખર રહ્યું છે. ત્યાં પહોંચવું એટલે માત્ર વૈજ્ઞાનિક સફળતા નહીં, પણ માનવ આત્મવિશ્વાસ અને સમાનતાની ઉજવણી. તાજેતરની બે ઘટનાઓ આ વિચારને વધુ સ્પષ્ટ બનાવે છે. એક તરફ જર્મન એરોસ્પેસ એન્જિનિયર માઇકેલા બેન્થૌસ વ્હીલચેરમાં અવકાશ યાત્રા કરીને ઇતિહાસ રચવા જઈ રહ્યા છે અને બીજી તરફ ભારતનું ઈસરો અવકાશમાંથી સીધા સ્માર્ટફોન સુધી સંચાર પહોંચાડવાના નવા યુગની શરૂઆત કરવા જઈ રહ્યું છે. આ બંને સમાચાર માત્ર ટેક્નોલોજીની વાત નથી કરતા, પણ માનવ સમાજના દૃષ્ટિકોણમાં આવતી મહત્વપૂર્ણ બદલાવની સાબિતી આપે છે.માઈકેલા બેન્થૌસનું અવકાશ પ્રવાસ એક સાદી યાત્રા નથી. વ્હીલચેર પર રહેલી વ્યક્તિ અવકાશમાં જશે એ વાત પોતે જ અનેક પૂર્વગ્રહોને તોડી નાખે છે. અત્યાર સુધી અવકાશયાત્રા એટલે શારીરિક રીતે અત્યંત તંદુરસ્ત, કડક પસંદગીમાંથી પસાર થયેલા લોકોની જ દુનિયા એવી માન્યતા હતી. બ્લુ ઓરિજિનના ન્ર્જી-37 મિશન પર ન્યૂ શેપર્ડ રોકેટમાં માઈકેલા જઈ રહ્યા છે, એ ઘટના કહી જાય છે કે હવે ક્ષમતાનો અર્થ ફરીથી વ્યાખ્યાયિત થઇ રહ્યો છે. શરીરની મર્યાદા માનવ સપનાઓની મર્યાદા નથી, એ સંદેશ અહીંથી અવકાશ જેટલો ઊંચો થઈને પ્રસારિત થાય છે.આ યાત્રા લાખો દિવ્યાંગ લોકોને નવો આત્મવિશ્વાસ આપશે. સમાજ ઘણી વાર સહાનુભૂતિ આપે છે, પરંતુ સમાન અવસર આપવા સંકોચે છે. માઈકેલાની અવકાશ યાત્રા એ સંકોચને પ્રશ્ન કરે છે. જો અવકાશ સુધીનો માર્ગ ખુલ્લો થઈ શકે છે, તો ધરતી પરના શિક્ષણ, રોજગાર અને સંશોધનના માર્ગ કેમ નહીં? આ ઘટના માનવાધિકારની ભાષામાં બોલે છે અને કહે છે કે સમાવેશ માત્ર નીતિમાં નહીં, પ્રયોગમાં પણ શક્ય છે.

બીજી તરફ, ભારતનું LVM3-M6 મિશન એક અલગ જ ક્રાંતિનો સંકેત આપે છે. ૨૪ ડિસેમ્બરે શ્રીહરિકોટાથી લોન્ચ થનારી બ્લુબર્ડ-૬ કોમ્યુનિકેશન સેટેલાઈટ સીધા સ્માર્ટફોન સાથે જોડાઈ શકશે. અવકાશમાંથી ઇન્ટરનેટ અને કોલિંગ સેવાઓ આપતી આ ટેક્નોલોજીનો અર્થ એ છે કે હવે દુરદરાજ ગામડાં, પહાડી વિસ્તારો કે આપત્તિગ્રસ્ત પ્રદેશો સંચારથી વંચિત નહીં રહે. જ્યાં ટાવર ઊભાં કરવું મુશ્કેલ છે, ત્યાં અવકાશ પોતે જ ટાવર બની જશે.આ વિકાસ ભારત માટે માત્ર ટેક્નોલોજીકલ સિદ્ધિ નથી, પણ સામાજિક સશક્તિકરણનું સાધન છે. ખેડૂતને હવામાનની માહિતી તરત મળશે, વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણ સાથે જોડાવામાં અડચણ નહીં રહે, અને આપત્તિના સમયે સંપર્ક તૂટવાનો ભય ઓછો થશે.

# ઘર બાળકોમાં સંસ્કારનું નિરૂપણ કરે, શાળા વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વધારે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

હવે ગુજરાતની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓ સ્કુલ બેગમાં પેન પેન્સિલ સાથે હથિયાર લાવી રહ્યાં છે. જે ઉંમરે માત્ર અને માત્ર આનંદ સાથે બાળક નવું શીખી શકે તેવા વાતાવરણને સ્થાઈ કરવાનું છે તે સમાજમાં હવે નર્યો તણાવ વ્યક્ત થઈ રહ્યો છે.

ગુજરાતી સમાજનું ભવિષ્ય ડામોડોળ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે મોઢાના ચાંદા કેન્સરના લક્ષણોમાં ન ફેરવાઈ તેની કાળજી લેવા અને નવી પેઢીમાં પેસી ગએલા વ્યસનો દૂર કરવા નવી વ્યવસ્થાઓને સ્વીકારવી પડશે.વિદ્યાર્થીઓના ડી.એન.એ. માં સહિષ્ણુતા, સ્નેહ, સદ્ભાવ હોવો ઘટે જેના સ્થાને આજે સ્પર્ધા, દ્રેશભાવ, સતત અગ્રતા જાળવી રાખવાનો અહમ અને અભાવ જોવા મળે છે. જે સ્વસ્થ સમાજ માટે ભયરૂપ બની રહ્યો છે.પરિસ્થિતિ સામે ગુજરાત રાજય શિક્ષક સંઘના અધ્યક્ષશ્રીએ નિવેદન આપતાં જણાવ્યું કે 'પેન ઉપાડવાની જગ્યાએ છરી કેમ! આ સવાલ આપણા સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. કારણ શિક્ષણનું વ્યવસાયકરણ થતાં મૂલ્યોનું સ્થાન ગુણ અને ટકાવારીએ લીધું છે. આજના શિક્ષણમાં વિદ્યાર્થીઓએ ડિગ્રી તો મળે છે પરંતુ બાળકના ઘડતરમાં સંસ્કાર અને જીવન મૂલ્યોનો અભાવ રહી જાય છે.' શિક્ષક મહાસંઘ જણાવે છે કે 'આજના બાળકને પુસ્તકીયું જ્ઞાન તો આપવામાં આવે છે પરંતુ તેમને જીવન જીવવાની સાચી રીત શીખવવામાં આવતી નથી. સ-વિશેષ શાળા પરિસરમાં સંસ્કાર અને મૂલ્યોનું વાવેતર થતું નથી ત્યારે સમાજમાં હિંસા, અસહિષ્ણુતા અને ગુનાઓનું પ્રમાણ વધે છે. આજે આપણે યુવાનોને વ્યસન અને મોબાઈલની કુ-ટેવમાં કસાએલા જોઈએ છીએ તે પણ આજ મૂલ્ય શિક્ષણના અભાવનું પરિણામ છે.'

શાળા આચાર્ય સંઘના પૂર્વ અધ્યક્ષ વિનંતી કરતાં જણાવે છે કે 'શાળામાં એક તાસ મૂલ્ય શિક્ષણ માટે અનિવાર્ય કરાતા માતા-પિતા અને રાષ્ટ્ર માટે વિદ્યાર્થીઓમાં પુજનિય ભાવનું નિર્માણ થશે.' મોંથી ફી વસુલ કરી શાળામાં ૬-૬ કલાક બાળકોને રોકી, રાખતા શાળા સંચાલકો માટે આ વ્યવસ્થા પડકારરૂપ બને છે. પરંતુ પ્રશ્નોની ગંભીરતા સામે પ્રથમ પગલે 'વર્ગખંડથી ભારતનું ભવિષ્ય ઘડાઈ રહ્યું છે. તેનો સ્વીકાર થશે તો જ શાળા રાષ્ટ્ર નિર્માણનું કેન્દ્ર બનશે.

જો કે આ વિચાર સામે ઉદ્યોગો માટે થઈ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટને પસંદ કરતા વ્યવસ્થાપનના નિષ્ણાંતોનું માનવું છે કે આજકાલ વિદ્યાર્થીઓમાં વધતી જતી સ્વચ્છંદતા, વ્યસન અને વરચ્યુઅલ બેડ હેબીટ જેવી બિન ઉત્પાદકીય પ્રવૃત્તિઓ દૂર કરવા શાળા કે શિક્ષકોની પારંપારિક તલવાર બુંઠ્ઠી થઈ છે. આરોગ્ય અને માનવ ચિકિત્સાની ૧૭૦૦-૨૦૦૦ વર્ષ જુની આયુર્વેદ પ્રણાલીની સામે ૧૫૦-૨૦૦ વર્ષથી પ્રચલિત એલોપથી વિશ્વભરમાં પ્રચલિત બની છે. તેનું હાર્દ રોગના કારણો નહી પણ રોગના લક્ષણ અને દર્દીની સ્વ-ફરીયાદને સારવારનું કેન્દ્ર બનાવાયું, તે છે !!! આથી મેનેજમેન્ટ નિષ્ણાંતો ટુલ -બદલવાની સલાહ આપે છે.

વર્ષ ૧૯૦૮માં હિંદ સ્વરાજ નામની પુસ્તિકામાં મહાત્મા ગાંધીએ અંગ્રેજો સ્થાપિત શિક્ષણ પ્રણાલીની મર્યાદાઓ સ્પષ્ટ કરી છે ત્યારથી લઈ ૧૧૭વર્ષોમાં અનેકોએ શિક્ષણ વ્યવસ્થામાંથી બહાર આવતા પરીણામ માટે નિરાશા વ્યક્ત કરી છે. કારણ બાલમંદિરના ૨ વર્ષ તે પછી શાળાના ૧૨ વર્ષ અને અનુસ્નાતક માટેના ૫ તેમ ૧૯ વર્ષમાં લગભગ ૨૮૫૦૦ માનવ કલાકો, એક જ બાળક પછી મા-બાપનું લગભગ લગભગ રૂા. ૩૮૦૦૦૦૦ નું રોકાણ સમાજલક્ષી ઈચ્છિત પરીણામ દાઈ રહેતું નથી. ત્યારે નવી પેઢીને પારંપારિક ઉપચારમાંથી બહાર કાઢવાની આશ્યકતા જણાય છે.

આઝાદીના ૭૫માં વરસે નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય તાલીમને પ્રાધાન્ય અપાયું છે. અને બીજા તબક્કામાં આત્મનિર્ભર અને મેઈક ઈન ઈન્ડિયાની દિશા નવી પેઢી માટે માર્ગદર્શક બની રહી છે ત્યારે ખ્યાલ રહે 'નાના છિદ્રમાંથી સંપુર્ણનું દર્શન શક્ય નથી. કોઈ રામબાણ ઈલાજ હવે કામમાં આવનાર નથી.'

એક સમયે માહિતીની આપ-લે માટે શિક્ષણ અશક્ત માધ્યમ હતું પરંતુ આધુનિક યુગમાં જ્યારે જ્ઞાનને શક્તિ તરીકે જણાવવામાં આવે છે તેવા યુગમાં શાળામાં નોકરી કરતો, સરકારે માન્ય કરેલ અભ્યાસક્રમ ભણાવતો, અને નિયત માળખામાં પરીક્ષા લેનાર નિયમો અને સમયમાં બંધાએલ શિક્ષક શાળા અને શિક્ષણ વિભાગ સ્વયં એક મર્યાદિત વર્તુળ બને છે. આવી જમીની હકીકત સાથે શહેરીકરણ, નાના આવાસો, નોકરી કરતા મા-બાપ, ઊંચા જીવન ધોરણને જાળવી રાખવા અને અપેક્ષિત દેખાદેખીમાં ખેચાતું સમાજ જીવન વિદ્યાર્થી માટે તણાવ સભર બને છે.આ સ્થિતિમાં હવે શાળાનાં પરિસરને ભારતના ભાવીની નિર્માણ ભૂમિ કહેવાનું અને શિક્ષકને ગુરૂ બ્રહ્મા કહેવાનો પારંપારિક વિવેક છોડી શાળા પરિસરને માત્ર જીવનને આનંદદાઈ રાખનાર કૌશલ્ય વિકાસનું કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરીએ. જ્યારે ઘર અને મા-બાપને પોતાના પરિવાર માટે અનિવાર્ય મૂલ્યોની કેળવણીના સંસ્કાર કેન્દ્ર તરીકે સ્વીકારીએ, વિકાસાવીએ.

આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ ફેક્ચર જીન્સ, વરર્ચ્યુઅલ એપ્લિકેશન પ્રકારના વધુ અને વધુ કોમ્પ્લેક્સ સમાજમાં હવે શિક્ષક અને શાળા પાસે અનુકુળ સામાજિક પરિણામોની અપેક્ષા અર્થહિન છે. તેનો સ્વીકાર કરી મા-બાપ પોતાના બાળક પાછળ પૈસા ખર્ચી જવાબદારીમાંથી મુક્ત થવાનો વ્યવહાર છોડી દે.

બાળકના જૈવિક અસ્તિત્ત્વની જવાબદારી મા-બાપની છે. તો પોતાના દેશ, ધર્મ, સાંપ્રદાઈ, કુટુંબ કે વૈયક્તિક મૂલ્યોના ઘડતર માટેના મૂલ્યોની પૃષ્ટ ભૂમિ તૈયાર કરવાનું કાર્ય પણ મા-બાપનું છે. હવે શાળા અને શિક્ષકોના ગળામાં મૂલ્ય ઘડતર નો ઘંટ બાંધવાની અપેક્ષા ન રાખીએ. કૌશલ્ય વિકાસ અને રોજગારી તે આધુનિક પુત્રનો મોટો પડકાર બની રહી છે ત્યારે જીવનને આનંદ સભર રાખનાર વિવિધ કૌશલ્યનાં વિસ્તાર પુરતી જવાબદારી શાળા લે અને કુટુંબ પોતાને અનુરૂપ વારસો તૈયાર કરવાની જવાબદારી લેશે તેમજ ભારતનું ભાવી ઘડાશે તે નિશ્ચિત છે.

# ભારતીય રાજકારણ માટે ૨૦૨૬નું વર્ષ મહત્વપૂર્ણ

## આસામ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે

**કરંટ ટોપિક**

ભારતીય રાજકારણ માટે ૨૦૨૬નું વર્ષ મહત્વપૂર્ણ રહેશે. આગામી થોડા મહિનામાં, પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશેઃ આસામ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, તમિલનાડુ અને કેરળ. આ ચૂંટણીઓ વિધાનસભાઓ માટે છે, પરંતુ તે રાષ્ટ્રીય રાજકારણ પર પણ મજબૂત અસર કરશે. એક તરફ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ઘણા નવા રાજ્યોમાં પોતાની સત્તા સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે બીજી તરફ, વિપક્ષ, ખાસ કરીને કોંગ્રેસ અને પ્રાદેશિક પક્ષો, દેશના સૌથી મોટા પક્ષને કોઈપણ તક આપવાનો ઈનકાર કરવા માટે કટિબદ્ધ છે. આ વિધાનસભા ચૂંટણીઓ એ પણ નોંધપાત્ર રીતે દર્શાવશે કે મોદી સરકારની નીતિઓ કેટલી અસરકારક છે અને વિપક્ષ કેટલો એક છે.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ સરકારે ૨૦૨૧ ની વિધાનસભા ચૂંટણીમાં ૨૧૩ બેઠકો અને ૪૮% મત હિસ્સા સાથે જીત મેળવી હતી. મમતાની લોકપ્રિયતા અને કલ્યાણકારી યોજનાઓ તેમની શક્તિ છે, પરંતુ આર્થિક પડકારો અને શાસન વિવાદો તેમની સરકાર પર ભારે પડી શકે છે. ૨૦૨૧ માં ભાજપ ૭૭ બેઠકો પર પહોંચી ગયું હતું અને બિહારમાં મોટી જીત પછી હવે આક્રમક છે. કોંગ્રેસ અહીં નબળી પડી ગઈ છે અને નેતૃત્વના અભાવ સાથે સંઘર્ષ કરી રહી છે. જો ભાજપ બંગાળમાં કંઈક નોંધપાત્ર હાંસલ કરે છે, તો તે તેના રાજકીય ભાગ્ય માટે એક મોટો પ્રોત્સાહન સાબિત થઈ શકે છે. દરમિયાન, ટીએમસીની હાર તેને પ્રાદેશિક પક્ષોની યાદીમાં મૂકી શકે છે જે એક સમયે રાજ્યમાં ખૂબ શક્તિશાળી હતા પરંતુ ધીમે ધીમે નબળા પડી ગયા છે.

આસામમાં હાલમાં હિમંત બિસ્વા શર્માના નેતૃત્વમાં ભાજપની સરકાર છે. ભાજપ ગઠબંધને ૨૦૨૧ની ચૂંટણીમાં ૭૫ બેઠકો જીતી હતી અને હવે તે સતત ત્રીજી મુદત માટે સત્તામાં પાછા ફરવાની તૈયારી કરી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, સરમાએ વિકાસ, સુરક્ષા અને ઓળખની રાજનીતિ પર ભાર મૂકતા ભાજપના ફાયરબ્રાન્ડ નેતા તરીકે પ્રતિષ્ઠા કેળવી છે. દરમિયાન, વિપક્ષમાં, ગૌરવ ગોગોઈના નેતૃત્વમાં કોંગ્રેસ તેની લડાઈ લડવા માટે તૈયાર છે. મુસ્લિમ મતોનો લાભ લેતી છૈંઙ્ઘહ્લ જેવી પાર્ટીઓ પણ આગામી વિધાનસભા ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ચૂંટણીઓ ભાજપ માટે ઉત્તરપૂર્વમાં પોતાની પકડ મજબૂત કરવાની તક છે, જ્યારે અહીં કોંગ્રેસનું સારું પ્રદર્શન વિપક્ષ માટે મોટો ફાયદો થશે.

તમિલનાડુમાં દ્રવિડ મુનેત્ર કઝગમ દ્વારા શાસિત છે, જેનું નેતૃત્વ એમ.કે. સ્ટાલિન, જેમણે ૨૦૨૧ માં ૨૩૪ માંથી ૧૩૩ બેઠકો જીતી હતી. રાજ્યમાં લાગુ કરાયેલી કલ્યાણકારી યોજનાઓથી ૧૮.૬ મિલિયન લોકોને ફાયદો થયો છે, અને પાર્ટી લગભગ ૨૫ મિલિયન મતોનું લક્ષ્ય રાખી રહી છે. જોકે, બેરોજગારી જેવા મુદ્દાઓ પાર્ટી પર ભારે પડી શકે છે, અને ચોક્કસપણે એક સત્તા વિરોધી પરિબળ છે. દરમિયાન, એઆઈએડીએમકે-ભાજપ ગઠબંધન પણ તેના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યું છે, જ્યારે વિજયનું ટીવીકે, એક નવી પાર્ટી તરીકે, યુવાનોને આકર્ષિત કરી રહ્યું છે. તમિલનાડુમાં વિજય ભાજપ માટે કુદરતી વિકાસ માટે એક મોટી તક હોઈ શકે છે, જ્યાં હિન્દુત્વની મર્યાદાઓ છે. વિપક્ષ માટે, ઙ્ગસ્દ્ભ ની હાર ભારત બ્લોકને નબળી પાડશે.

કેરળમાં પિનરાઈ વિજયનના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટનું શાસન છે, જેણે ૨૦૨૧ માં ૯૯ બેઠકો જીતી હતી. આ ગઠબંધન સત્તામાં પાછા ફરવા માંગે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓ પડકારજનક રહ્યા છે. વિજયન સરકારનો સામાજિક કલ્યાણ અને વિકાસ પર ભાર નોંધપાત્ર છે, પરંતુ આર્થિક પડકારો અને મુખ્યમંત્રીની સરમુખત્યારશાહી શૈલી નોંધપાત્ર ખામીઓ છે. ૨૦૨૫ ની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં કોંગ્રેસ-યુડીએફએ સારું પ્રદર્શન કર્યું હતું, જે એલડીએફ માટે ચિંતાનું કારણ છે. ભાજપે પણ આ ચૂંટણીઓમાં સારું પ્રદર્શન કર્યું હતું અને તે તેના અગાઉના પ્રદર્શનમાં સુધારો કરવા માંગે છે. એકંદરે, આ ચૂંટણીઓમાં ડાબેરીઓ, કોંગ્રેસ અને ભાજપ માટે દાવ વધારે છે.

પુડુચેરીમાં, ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસ અને ભાજપ ગઠબંધન, એન. રંગાસામીના નેતૃત્વમાં, સત્તામાં છે. ૨૦૨૧ માં, ૩૦ બેઠકોવાળી વિધાનસભામાં એઆઈએનઆરસીએ ૧૦ બેઠકો અને ભાજપે છ બેઠકો જીતી હતી, પરંતુ હાલમાં, ગઠબંધન પાસે એક સિવાય બધી બેઠકો છે. કંઈ સારું ચાલી રહ્યું નથી.ડીએમકે અને કોંગ્રેસ જેવા વિપક્ષી પક્ષો આ નાના પણ મહત્વપૂર્ણ કેન્દ્રશાસિત પ્રદેશમાં સત્તા પર પોતાનો દાવો મજબૂત રીતે રજૂ કરી રહ્યા છે. સ્થાનિક શાસન અને વિકાસ મુખ્ય મુદ્દાઓ છે, જેના કારણે આ ચૂંટણી ભાજપ માટે દક્ષિણમાં તેના જોડાણને બચાવવા માટે એક કસોટી બની રહી છે, જ્યાં સત્તા વિરોધી લહેર છે. જો કોંગ્રેસ અને ડીએમકે ફરીથી હારી જાય છે, તો તેમના માટે પુડુચેરીમાં તેમના સંગઠનને બચાવવા મુશ્કેલ બની શકે છે. એકંદરે, આ પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ ભાજપને દક્ષિણ અને પૂર્વમાં વિસ્તરણ કરવાની સુવર્ણ તક આપે છે, જ્યાં તે હિન્દુત્વ અને મોદી બ્રાન્ડ પર દાવ લગાવી રહી છે. ૨૦૨૫ માં દિલ્હી અને બિહારમાં મળેલા વિજયથી તેનું મનોબળ વધ્યું છે.

# મોબાઈલ મૂકો અને શેરી-મેદાની રમતોને પુનર્જીવિત કરો

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

શેરી રમતો અને મેદાની રમતો ધીમે ધીમે ભુલાતી જાય છે. આજના ફાસ્ટ યુગમાં કોઈ પાસે બાળકોને રમાડવાનો સમય નથી. દાદા દાદી બાળકોને રમાડતા અને પોતે બાળક બની જતા આજે દાદા વૃદ્ધાશ્રમમાં રહેવા લાગ્યા છે. બાળકો પ્રેમ અને લાગણી ઈચ્છે છે. બાળકને માટી સાથે રમવું છે. ધૂળ સાથે રમવું છે. પણ આ પહેલા તો તેના હાથમાં મોબાઈલ આપી દેવામાં આવે છે અને બાળક બધું જ ભૂલી જાય છે અને મોબાઈલ ની માયાવી દુનિયામાં એવો ખોવાઈ જાય છે કે જેની કલ્પના થઈ શકે નહીં. આજે બાળકો શેરીમાં કે મેદાનમાં રમવા જતા નથી. મેદાનની રમતો અને શેરી ની રમતો આજે ભુલાતી જાય છે આવી અનેક રમતોમાં સૌથી જૂની રમત ગેડી દડાની છે. જે ભગવાન શ્રીકૃષ્ણના સમયમા આ રમત રમાતી. આજે ગેડી દડા જેવી રમતોથી લઈને ગીલી દંડા અને કબડ્ડી જેવી દેશી રમતો ભુલાતી જાય છે, સાથે જ શેરી રમત અને મેદાની રમત પણ મોટાભાગે ભુલી જવામાં આવી છે. શેરી રમતોઃ સંસ્કૃતિ અને સહિયારા આનંદનું પ્રતિબિંબ ભારતની સંસ્કૃતિ માત્ર મંદિર કે ગ્રંથોમાં જ નહીં, પણ તેની શેરીઓ અને ફળિયાંમાં પણ ધબકે છે. આ શેરીઓ કે જ્યાં પ્લાસ્ટિકના ઝાકઝમાળ પહેલાં બાળકો ધૂળ સાથે રમતા, તે જ સાચી ભારતીય રમતગમતની ભૂમિ હતી. શેરી રમતો માત્ર સમય પસાર કરવાનું સાધન નહોતી, પણ તે સંસ્કાર, શારીરિક કૌશલ્ય અને સામાજિક એકતાની પાઠશાળા હતી.

> **મોબાઈલ અને સોશિયલ મીડિયાની ટેવ આજે ભયંકર હદે વકરી ચૂકી છે. તેણે બાળકોના માસુમ બાળપણને છીનવી લીધું છે. જુવાન થતા પહેલા બાળકો તન અને મનથી સાવ પાંગળા બની જાય છે. કુટુંબ પરિવાર અને સમાજથી અલગ થઈ જાય છે. આ એક સૌથી મોટી સામાજિક સમસ્યા છે જે બેહદ વકરી ચૂકી છે ત્યારે આજના કપરા સમયમાં માસુમ બાળકોને બચાવવા માટે શેરી રમતો અને મેદાની રમત તો ખાસ જરૂરી બની ગઈ છે.**

આ રમતોની જડ છેક પ્રાચીન ભારતમાં જોવા મળે છે. પૌરાણિક કથાઓ અને ઇતિહાસના પાના ઉથલાવીએ તો જાણવા મળે છે કે ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના મિત્રો પણ આવી જ રમતો રમતા. ખાસ કરીને, ગેડી દડા (જેને આજે પકડીને ફેંકવાની ક્રિકેટની શૈલીનું આદિ સ્વરૂપ કહી શકાય) એ કૃષ્ણના બાળપણનો અભિન્ન ભાગ હતો. લાકડીની ગેડી (નાની ગોળ લાકડી) અને દડો (ક્યારેક પાંદડા કે કપડાંનો બનેલો) એ યુગની સાદગીને દર્શાવે છે. આ રમતો માત્ર આનંદ આપતી નહોતી, પણ શરીરને ચપળ, મનને સ્થિર અને મિત્રો સાથે સહકારની ભાવના કેળવતી.સમય જતાં, આ પરંપરાગત રમતોએ વિવિધ સ્વરૂપો ધારણ કર્યા, જે આજે પણ ગામડાં અને નાનાં શહેરોની શેરીઓનું ગૌરવ છે. તેમાંની સૌથી લોકપ્રિય છે ગીલી દંડા. લાંબી લાકડી (દંડો) અને બે છેડેથી અણીદાર નાની લાકડી (ગીલી) વડે રમાતી આ રમત આંખ-હાથનું સંકલન, ચોકસાઈ અને પ્રતિક્રિયા સમયને સુધારે છે. બીજી તરફ, કબડ્ડી જેવી રમત તો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પહોંચી છે. "કબડ્ડી... કબડ્ડી..."ના ઉચ્ચાર સાથે એક ખેલાડીનું શ્વાસ રોકીને વિરોધી પક્ષના ખેલાડીઓને સ્પર્શ કરીને પાછા ફરવું, એ શક્તિ, સહનશક્તિ અને વ્યૂહરચનાનો અદ્ભુત સમન્વય છે.આ ઉપરાંત, કેટલીક સ્થાનિક રમતો પણ છે, જેનું આકર્ષણ અનોખું છે. જેમ કે, નારગેલિયો (જેમાં સાત પથ્થરની થપ્પીને દડાથી પાડીને તેને ફરી ગોઠવવાની હોય છે), તે એકતા અને ઝડપની કસોટી કરે છે. અડવાનો દાવ અથવા પકડદાવ એ ચપળતા, ભાગી છૂટવાની કલા અને ખેલદિલી શીખવે છે. આ રમતોમાં કોઈ મોંઘા સાધનોની જરૂર નહોતી. એક દડો, એક લાકડી, કે માત્ર જમીન પર દોરેલી લીટી જ પૂરતી હતી, જે દર્શાવે છે કે સાચો આનંદ સાધનોમાં નહીં, પણ સહિયારા પ્રયાસ અને કલ્પનાશક્તિમાં રહેલો છે.

શેરી રમત અને મેદાની રમત વચ્ચેનો તફાવત

આધુનિક યુગમાં, શેરી રમતોનું સ્થાન ધીમે ધીમે મેદાની રમતોએ લીધું છે, અને આ બંને વચ્ચે મૂળભૂત તફાવત છે:

★ સ્થળ અને માળખુંઃ શેરી રમત કોઈ પણ નાની જગ્યાએ, જેમ કે શેરી, ફળિયું, કે ગલીમાં રમી શકાય છે. તેના માટે કોઈ ચોક્કસ માપદંડ કે નિયમોનું મેદાન જરૂરી નથી. જ્યારે, મેદાની રમત (જેમ કે ક્રિકેટ, ફૂટબોલ, હોકી) માટે મોટા અને નિયત માપના મેદાનની જરૂર પડે છે, જે ચોક્કસ ધોરણોનું પાલન કરે.

★ નિયમો અને સાધનોઃ શેરી રમતોના નિયમો લવચીક હોય છે અને ખેલાડીઓ પોતાની અનુકૂળતાએ બદલી શકે છે. સાધનો સાદા અને સરળતાથી ઉપલબ્ધ હોય છે. મેદાની રમતોના નિયમો આંતરરાષ્ટ્રીય સ્તરે નિશ્ચિત હોય છે અને તેમાં મોંઘા તથા વિશિષ્ટ સાધનોની જરૂર પડે છે.

★ સહભાગિતા અને માર્ગદર્શનઃ શેરી રમત અનૌપચારિક હોય છે અને કોઈપણ વ્યક્તિ જોડાઈ શકે છે. તેમાં કોઈ કોચ કે રેફરીની ખાસ જરૂર પડતી નથી. મેદાની રમતમાં સ્પર્ધાત્મકતા વધુ હોય છે અને તેમાં કોચિંગ, રેફરી અને વ્યવસ્થિત તાલીમનું માળખું જરૂરી છે.

ટૂંકમાં, શેરી રમતો એ આપણા સાંસ્કૃતિક વારસાનો એક જીવંત અને ધબકતો ભાગ છે, જે આપણને સરળતા, સહકાર અને શારીરિક સક્રિયતાનો મંત્ર આપે છે. ભલે તે ગેડી દડો હોય કે કબડ્ડી, આ રમતોએ પેઢી દર પેઢી આનંદ અને સ્વસ્થ જીવનની પરંપરાને જીવંત રાખી છે.

શું તમે આમાંથી કોઈ એક રમત, જેમ કે કબડ્ડીનો ઈતિહાસ અનોખો છે.આજના સમયમાં બાળકો અને યુવાનોના જીવનમાં મોબાઈલ ફોન કેન્દ્રસ્થાને આવી ગયો છે. ભણતર, મનોરંજન, મિત્રતા અને સમય પસાર કરવાનો મોટાભાગનો હિસ્સો સ્ક્રીન સાથે જોડાઈ ગયો છે. પરિણામે શરીરની ચળવળ ઘટી ગઈ છે, આંખો અને મન પર ભાર વધ્યો છે અને એકાંતની ભાવના પણ ઊંડે સુધી પ્રવેશી રહી છે. અગાઉ શેરીઓમાં સાંજ પડતાં જ બાળકો ભેગા થતા, ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, પતંગ, ગિલ્લી-ડંડા જેવી રમતો રમાતી. આ રમતો માત્ર સમય પસાર કરવા માટે નહોતી, પરંતુ સહકાર, સહનશીલતા, ચપળતા અને જીવનને હળવાશથી લેવાની કળા શીખવતી. મેદાનમાં દોડવાથી શરીર મજબૂત બનતું અને સાથે સાથે મન પણ પ્રસન્ન રહેતું. જીત-હાર સ્વીકારવાની ટેવ પડતી અને મિત્રતા ગાઢ બનતી. આજના ડિજિટલ યુગમાં આ બધું ધીમે ધીમે ગુમ થઈ રહ્યું છે. મોબાઈલમાં રમાતી રમતોમાં આંગળીઓ ચાલે છે, પણ દિલ અને દેહ નિષ્ક્રિય રહે છે. તેથી જરૂરી છે કે આપણે ફરીથી મેદાનમાં રમાતી જૂની રમતોનું મહત્ત્વ સમજીએ. આ રમતો માત્ર બાળપણની યાદ નથી, પરંતુ જીવન જીવવાની શીખ છે. જો બાળકો અને યુવાનો ફરીથી શેરી અને મેદાનમાં રમવા લાગશે તો તેમનું જીવન વધુ સંતુલિત, આનંદમય અને સ્વસ્થ બનશે. રમતો આપણને માત્ર રમવા નથી શીખવતી, પરંતુ જીવનને સમજવાની દૃષ્ટિ પણ આપે છે.મેદાનમાં રમાતી દરેક રમત કોઈને કોઈ રીતે જીવનનો સંદેશ આપે છે. ખો-ખો જેવી રમતમાં એકબીજાને "ખો" આપવાની પ્રક્રિયા દેખાવમાં રમૂજી લાગે છે, પરંતુ તે આપણને જવાબદારી વહેંચવાની શીખ આપે છે. જીવનમાં દરેક કામ પોતે જ કરવા કરતાં યોગ્ય સમયે બીજાને સોંપી દેવું પણ એક કળા છે. આમ કરવાથી તણાવ ઘટે છે અને સહકાર વધે છે. પતંગ અને ફીરકી જેવી સ્થિતિમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે કોઈ દોડે છે અને કોઈ શાંતિથી ઊભો રહે છે. બંનેની ભૂમિકા જરૂરી છે, પરંતુ પોતાની યોગ્ય ભૂમિકા ઓળખવી વધુ મહત્વની છે.વોલીબોલ જેવી રમતમાં બૉલ પોતાની તરફ આવે ત્યારે તરત જ આગળ મોકલવાનો નિયમ છે. જીવનમાં પણ ઘણી વખત જવાબદારી અચાનક આવી પડે છે. ત્યારે ગભરાવા બદલે સમજદારીથી આગળ વધવું કે યોગ્ય વ્યક્તિ સુધી પહોંચાડવું એ જ સુઝબુઝ છે. કબડ્ડી આપણને બે વાત શીખવે છે—એક તો લક્ષ્ય સુધી પહોંચવા માટે સંઘર્ષ કરવો અને બીજી, કોઈ અવરોધ આવે ત્યારે ચતુરાઈથી બહાર નીકળવું. જો પોતે આગળ ન વધી શકાય તો બીજાને અટકાવવાની વૃત્તિ પણ માનવીય સ્વભાવનો ભાગ છે, એ સત્ય પણ આ રમત દર્શાવે છે.સોગઠાબાજી ની રમત ઘરની અંદર એટલે કે ઈન્ડોર ગેમ છે સામાન્ય રીતે આ રમત ધાર્મિક દ્રષ્ટિએ નકારવામાં આવી છે. આવી જ રીતે ચોપાટ અને શતરંજની રમતને પણ નકારાત્મક ભાવથી જોવામાં આવે છે. પાંડવો રમતા હારી ગયા અને મહાભારત સર્જાયુ ક્યારથી આ રમતને અયોગ્ય ગણવામાં આવે છે. ઈન્ડોર ગેમ માં નવ કુકરી ની રમત પણ રમવામાં આવે. સાવ નાના બાળકો રમકડા થી રમતા ગામડાના બાળકો લાકડાના રમકડા થી રમતા પ્લાસ્ટિકનો જમાનો નો હતો પૈસાદારના બાળકો ધાતુ



ના રમકડા થી રમતા. ગામમાં આવેલી સુથાર ની દુકાને હળ અને ગાડા ના પૈડા અને અન્ય ખેતીના સાધનો બનાવવામાં આવતા, ઘરમાં વસાહતી વસ્તુઓ જેવી કે ખાટલા ખુરશી ટેબલ થી માંડીને લાકડાના ખાંડણીયા સહિતની અનેક વસ્તુઓ લાકડાની બનતી આમાં જે લાકડાના ટુકડા વધતા તેમાંથી સુથાર લોકો લાકડાના રમકડા બનાવતા. અને બાળકો તેને ધ્યાનથી રમતા નાની દીકરીઓ માટે લાકડાના નાનકડા કડા ઘોડીયા. નાના નાના રસોઈના સાધનો તથા ઘરમાં વપરાતી મહત્વની વસ્તુ ના રમકડા સુથાર બનાવતા અને બાળકોને તે વસ્તુથી પરિચય કરાવવામાં આવતો હતો આમ રમકડા અને રમતો જીવન શિક્ષણનો એક ભાગ તે સમય હતો.

આ રીતે જો જોઈએ તો રમતો માત્ર મનોરંજન નથી, પરંતુ જીવનની નાની-નાની પાઠશાળાઓ છે. મેદાનમાં શીખેલી હળવાશ, સમજદારી અને સહકાર જો જીવનમાં ઉતરી જાય તો જીવન વધુ આનંદમય બની શકે છે. રમતોમાંથી મળતો આ જીવન-સંદેશ કદાચ પુસ્તકો કરતાં વધુ સરળ અને અસરકારક છે.

# ખેલાડી વિજય હજારે ટ્રોફીમાં રન મશીન બની ગયો હોવા છતાં તેને ટીમ ઈન્ડિયામાં સ્થાન ન મળ્યું



નવીદિલ્હી,

બીસીસીઆઈની સિનિયર મેન્સ સિલેક્શન કમિટીએ ન્યુઝીલેન્ડ સામેની આગામી ત્રણ મેચની વનડે શ્રેણી માટે ટીમની જાહેરાત કરી છે. નિયમિત કેપ્ટન શુભમન ગિલ અને ઉપ-કપ્તાન શ્રેયસ ઐયર આ શ્રેણી માટે ટીમમાં પાછા ફર્યા છે. ઐયર હજુ પણ સંપૂર્ણપણે ફિટ નથી અને ફિટનેસ ટેસ્ટ પાસ કર્યા પછી જ તેને વનડે શ્રેણીમાં રમવાની મંજૂરી આપવામાં આવશે. આ શ્રેણીની જાહેરાત પહેલા, એવી અટકળો ચાલી રહી હતી કે વિજય હજારે ટ્રોફીમાં સારું પ્રદર્શન કરનારા ખેલાડીઓને વનડ શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે, પરંતુ હજુ સુધી આ વાતની પુષ્ટિ થઈ નથી.

એક ખેલાડી છે જેનું બેટ હાલમાં વિજય હજારે ટ્રોફી ૨૦૨૫-૨૬ માં આગ પર છે. પરંતુ કોઈ તેના વિશે વાત કરી રહ્યું નથી. તે ખેલાડી છે દેવદત્ત પડિકલ. પડિકલનું બેટ હાલમાં વિજય હજારે ટ્રોફીમાં જોરથી બોલી રહ્યું છે. તેણે અત્યાર સુધીમાં પાંચ મેચ રમી છે અને ચાર સદી ફટકારી છે. તેણે આ ટુર્નામેન્ટમાં ૧૦૨.૮ ની સરેરાશથી ૫૧૪ રન બનાવ્યા છે. જોકે, તેને હજુ પણ વનડે શ્રેણી માટે ટીમ ઈન્ડિયામાં સામેલ કરવામાં આવ્યો નથી.

વિજય હજારે ટ્રોફીમાં દેવદત્ત પડિકલનો રેકોર્ડ શરૂઆતથી જ ઘણો સારો રહ્યો છે. આ સ્ટાઈલિશ ડાબા હાથના બેટ્સમેનએ આ ૫૦ ઓવરની સ્થાનિક ટુર્નામેન્ટમાં ૩૩ મેચ રમી છે, જેમાં ૯૪.૭૪ ની સરેરાશથી ૨૫૨૫ રન બનાવ્યા છે. તેમણે આ સમયગાળા દરમિયાન ૨૫ ૫૦+ રન બનાવ્યા છે, જેમાં ૧૨ સદીનો સમાવેશ થાય છે. આ પ્રભાવશાળી રેકોર્ડ હોવા છતાં, દેવદત્ત પડિકલે હજુ સુધી વનડે ડેબ્યૂ કર્યું નથી. પડિકલે ભારત માટે ટેસ્ટ અને ટી૨૦ ડેબ્યૂ કરી ચૂક્યા છે.

એ નોંધવું જોઈએ કે પડિકલે લિસ્ટ એ ક્રિકેટમાં બધી ૧૩ સદી ફટકારી છે. આ સાથે, તે ટુર્નામેન્ટના ઈતિહાસમાં ત્રીજા ક્રમે સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી બની ગયો છે. તેણે સદીઓની બાબતમાં કર્ણાટકના વર્તમાન કેપ્ટન મયંક અગ્રવાલ (૧૨) ને પાછળ છોડી દીધા છે. વિજય હજારે ટ્રોફીમાં સૌથી વધુ સદી ફટકારનારા ખેલાડીઓની યાદીમાં હવે ફક્ત અંકિત બાવને અને રુતુરાજ ગાયકવાડ જ દેવદત્ત પડિકલથી આગળ છે. આ ટુર્નામેન્ટમાં બાવને ૧૫ સદી ફટકારી છે અને રુતુરાજે ૧૪ સદી ફટકારી છે. પડિકલ ભવિષ્યમાં આ બે ખેલાડીઓને પાછળ છોડી શકે છે.

# દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી મેચમાં રુતુરાજ ગાયકવાડને બહાર રાખવામાં આવતા, ચાહકોની ટીકા



નવીદિલ્હી,

બીસીસીઆઈએ ન્યૂઝીલેન્ડ સામેની આગામી વનડે શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની ટીમની જાહેરાત કરી છે. જાહેરાત કરી છે. આ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની ટીમમાં રિષભ પંતનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે આફ્રિકા સામેની છેલ્લી શ્રેણીમાં સદી ફટકારનાર દક્ષિણ રુતુરાજ ગાયકવાડને બહાર રાખવામાં આવ્યો છે. ચાહકો ગાયકવાડને ટીમમાંથી બાકાત રાખવાની ટીકા કરી રહ્યા છે.

રુતુરાજ ગાયકવાડેએ પોતાની કારકિર્દીમાં ફક્ત નવ વનડે રમી છે, આઠ ઈનિંગ્સમાં સરેરાશ ૨૮.૫૦. ૨૨૮ રન બનાવ્યા છે. રિષભ પંતે અત્યાર સુધી ૩૧ મેચ રમી છે, જેમાં તેણે આઠ ઈનિંગ્સમાં ૨૬.૧૨ ની સરેરાશથી ૨૦૯ રન બનાવ્યા છે. રન-સ્કોરિંગના સંદર્ભમાં ગાયકવાડ આગળ છે.

નવ વનડે પછી, ગાયકવાડે એક સદી ફટકારી છે. આ સમયગાળા દરમિયાન, તેણે એક અડધી સદી પણ ફટકારી છે. ઋષભ પંતની વાત કરીએ તો, તેણે નવ વનડેમાં એક પણ સદી કે અડધી સદી ફટકારી નથી. ગાયકવાડનું વર્ચસ્વ અહીં પણ સ્પષ્ટ છે.

નવ વનડે મેચ પછી, રુતુરાજ ગાયકવાડનો એક ઈનિંગમાં સૌથી વધુ સ્કોર ૧૦૫ રન હતો. તેણે આ ઈનિંગ દક્ષિણ આફ્રિકા સામે રમી હતી. ઋષભ પંતની વાત કરીએ તો, નવ વનડે મેચ પછી તેનો સૌથી વધુ સ્કોર ૪૮ રન હતો. પંતે બાંગ્લાદેશ સામે ૪૮ રનની આ ઈનિંગ રમી હતી.

# પાકિસ્તાને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે આઈસીસીને પોતાના ખેલાડીઓની યાદી મોકલી



નવીદિલ્હી,

૭ ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાનારા આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં કુલ ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. ઘણા ખેલાડીઓએ પોતાની ટીમ જાહેર કરી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આ મેગા ઈવેન્ટ માટે પોતાની ટીમ જાહેર કરી નથી, પરંતુ તેણે આઈસીસીને પોતાની પ્રોવિઝનલ ટીમ યાદી સુપરત કરી છે.આઈસીસી એ બધી ટીમોને ૧ જાન્યુઆરી સુધીમાં પોતાની ખેલાડીઓની યાદી સબમિટ કરવા કહ્યું હતું, અને પીસીબીએ સમયમર્યાદામાં આ પ્રક્રિયા પૂર્ણ કરી. સબમિટ કરેલી ટીમમાં કેટલાક મોટા નામોનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય ગાયબ છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે આઈસીસીને પોતાની ૧૫ ખેલાડીઓની યાદી સુપરત કરી છે.પીસીબીના એક સૂત્રએ જણાવ્યું હતું કે પાકિસ્તાનની સંભવિત ટીમમાં ઈજાગ્રસ્ત ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી અને ભૂતપૂર્વ કેપ્ટન બાબર આઝમ ઉપરાંત ઓલરાઉન્ડર શાદાબ ખાનનો પણ સમાવેશ થાય છે. શાદાબ ગયા વર્ષે મે મહિનાથી ખભાની ઈજાને કારણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી બહાર છે. તે ચાલુ બિગ બેશ લીગમાં સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછો ફર્યો છે અને હવે ૭ જાન્યુઆરીથી શ્રીલંકામાં શરૂ થનારી ત્રણ મેચની ટી ૨૦ શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાછો ફરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પસંદગીકારોએ આગામી ટી ૨૦ વર્લ્ડ કપ માટે શ્રીલંકા સામેની શ્રેણી માટે પસંદ કરાયેલા મોટાભાગના ખેલાડીઓનો સમાવેશ તેમની સંભવિત ટીમમાં કર્યો છે.

ફાસ્ટ બોલર હરિસ રૌફ અને વિકેટકીપર-બેટ્સમેન મોહમ્મદ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે પાકિસ્તાન દ્વારા આઈસીસીને સુપરત કરાયેલ ખેલાડીઓની યાદીમાં શામેલ નથી. પાકિસ્તાન ૭ જાન્યુઆરીથી શ્રીલંકા સામે ટી ૨૦ શ્રેણી રમશે, જેની અંતિમ મેચ ૧૧ જાન્યુઆરીએ રમાશે.

# સિડની ટેસ્ટમાં જો રૂટે પોતાની અડધી સદી પૂર્ણ કરતાની સાથે જ તેણે મોટી સિદ્ધિ પણ હાંસલ કરી

સિડની,

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની એશિઝ ૨૦૨૫-૨૬ શ્રેણીની અંતિમ ટેસ્ટ મેચ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર શરૂ થઈ ગઈ છે. ટોસ જીત્યા પછી, ઈંગ્લેન્ડના કેપ્ટને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો, ૫૭ રનમાં ત્રણ વિકેટ ગુમાવી. અહીંથી, ઈંગ્લેન્ડના અનુભવી ખેલાડી જો રૂટે હેરી બ્રુક સાથે મળીને ઈનિંગ્સને સ્થિર કરી, પરંતુ પ્રથમ ઈનિંગ્સમાં મોટા સ્કોરનો પાયો પણ નાખ્યો. સિડની ટેસ્ટમાં પ્રથમ દિવસની રમતના બીજા સત્રમાં રૂટે પોતાની અડધી સદી પૂરી કરી, અને તેણે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી.

જો રૂટ હાલમાં ટેસ્ટ ક્રિકેટમાં સચિન તેંડુલકર પછી બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે, અને દરેકને અપેક્ષા છે કે તે આ રેકોર્ડને પાર કરશે. સિડની ટેસ્ટમાં રૂટે ચોથા નંબર પર બેટિંગ કરતી વખતે તેની ૬૬મી અડધી સદી ફટકારી. આ સાથે, રૂટે શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટન અને પ્રખ્યાત બેટ્સમેન મહેલા જયવર્ધનેને પાછળ છોડીને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ પચાસથી વધુ રન બનાવનાર બેટ્સમેન બન્યા. રૂટ હવે આ યાદીમાં ફક્ત સચિન તેંડુલકર અને જેક્સ કાલિસથી પાછળ છે, તેંડુલકરે ટેસ્ટમાં ચોથા નંબર પર બેટિંગ કરતી વખતે ૧૦૨ પચાસથી વધુ રન બનાવ્યા છે, જ્યારે જેક્સ કાલિસે ૭૧ પચાસથી વધુ રન બનાવ્યા છે.



ટેસ્ટમાં ચોથા ક્રમે સૌથી વધુ પચાસથી વધુ ઈનિંગ્સ રમનારા ખેલાડીઓ

સચિન તેંડુલકર (ભારત) - ૧૦૨ પચાસથી વધુ ઈનિંગ્સ

જેક્સ કાલિસ (દક્ષિણ આફ્રિકા) - ૭૧ પચાસથી વધુ ઈનિંગ્સ

જો રૂટ (ઈંગ્લેન્ડ) - ૬૬ પચાસથી વધુ ઈનિંગ્સ

મહેલા જયવર્ધને (શ્રીલંકા) - ૬૫ પચાસથી વધુ ઈનિંગ્સ

બ્રાયન લારા (વેસ્ટ ઈન્ડીઝ) - ૫૫ પચાસથી વધુ ઈનિંગ્સ

સચિનનો રેકોર્ડ તોડવાથી હજુ પણ થોડી દૂર છે.

# થલાપતિનું બેનર દૂધથી નહાતું, ફટાકડા ફૂટ્યાઃ વિજયની છેલ્લી ફિલ્મના ટ્રેલર રિલીઝની ઉજવણી ચાહકોએ કરી

મુંબઇ,

સાઉથ સ્ટાર વિજય થલાપતિની આગામી ફિલ્મ 'જાના નાયગન'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ચાહકો તેને જોવા માટે ઉત્સાહિત છે. વિજય થલાપતિના ચાહકો અને તેમની પાર્ટી, તમિલગા વેત્રી કઝગમના કાર્યકરોએ ઉજવણી કરી. આના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, તમિલનાડુના મદુરાઈમાં વિજય થલાપતિના ચાહકો અભિનેતાના પોસ્ટરની આરતી (પૂજા) કરે છે. ઘણા ચાહકોએ વિજયની પાર્ટી 'ટીવીકે'નો ધ્વજ ફરકાવ્યો અને ફટાકડા ફોડ્યા. વીડિયોમાં ચાહકો ઉત્સાહ, નાચ અને ઉજવણી કરતા જોવા મળે છે. એક ચાહક અભિનેતાના ફોટાને દૂધથી સ્નાન કરાવતો જોવા મળે છે. બીજા વીડિયોમાં, ચાહકો અભિનેતાના પોસ્ટરને દૂધથી સ્નાન કરાવતા જોવા મળે છે.



તમને જણાવી દઈએ કે વિજય થલાપતિની ફિલ્મ 'જન નાયગન'નું ટ્રેલર આજે રિલીઝ થયું છે. ટ્રેલર ત્રણ ભાષાઓમાં રિલીઝ થયું છે. ફિલ્મમાં વિજય થલાપતિ એક્શન મોડમાં જોવા મળે છે. આ ફિલ્મ વિજય થલાપતિની છેલ્લી ફિલ્મ હશે. આ પછી, તેઓ અભિનયમાંથી નિવૃત્તિ લેશે અને રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ફિલ્મનું નિર્દેશન એચ. વિનોથ દ્વારા કરવામાં આવ્યું છે અને વેંકટ કે. નારાયણ દ્વારા નિર્મિત છે. આ ફિલ્મમાં પૂજા હેગડે, મમિતા બૈજુ, બોબી દેઓલ, ગૌતમ વાસુદેવ મેનન, પ્રિયામણી, નારાયણ અને પ્રકાશ રાજ અભિનય કરે છે. 'જન નાયકન' ૯ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

# નુપુરની સગાઈ પછી અભિનેત્રી કૃતિ સેનનની આંખો ભીની થઈ ગઈ



મુંબઇ,

બોલીવુડ અભિનેત્રી કૃતિ સેનનના દરવાજા પર ખુશી આવી ગઈ છે. તેની નાની બહેન અને અભિનેત્રી નુપુર સેનન પ્રખ્યાત ગાયિકા સ્ટેબિન બેન સાથે સગાઈ કરીને તેના અંગત જીવનમાં એક નવી શરૂઆત કરી છે. નુપુર અને સ્ટેબિનની જોડી સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની હતી, ત્યારે કૃતિ સેનનની ભાવનાત્મક પ્રતિક્રિયા પણ સોશિયલ મીડિયા પર સામે આવી હતી.કૃતિ સેનનએ તેની બહેન નુપુરની સગાઈ પ્રસંગે ખુલ્લેઆમ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર નુપુરની પોસ્ટ શેર કરતા, તેણે લખ્યું કે તે આ આનંદની ક્ષણથી ખૂબ જ પ્રભાવિત થઈ છે. તેની બહેન અને સ્ટેબિનનો ફોટો શેર કરતા, તેણે લખ્યું, "મને ખૂબ રડવાનું મન થાય છે." તેની બહેનના જીવનનો આ નવો અધ્યાય જોઈને, કૃતિ સમજી શકાય તેવી રીતે ભાવુક છે.નુપુર સેનનએ તેની સગાઈના સમાચાર ખૂબ જ રોમેન્ટિક રીતે શેર કર્યા. સોશિયલ મીડિયા પર સામે આવેલી તસવીરોમાં, સ્ટેબિન બેન ઘૂંટણિયે પડીને નુપુરને પ્રપોઝ કરતી જોવા મળી હતી. સ્ટેબિન અને નુપુર વચ્ચેનો આ મીઠો ક્ષણ પાણીથી ઘેરાયેલા તળાવની વચ્ચે કેદ થયો હતો.આ સુંદર ક્ષણની સૌથી ખાસ વાત એ હતી કે સગાઈ પછી તરત જ, નુપુર અને સ્ટેબિને તેમના માતાપિતા સાથે વિડિઓ કોલ પર પોતાનો આનંદ શેર કર્યો. ફોટામાં પરિવારની ખુશી અને લાગણીઓ સ્પષ્ટ દેખાઈ રહી હતી. એક ફોટામાં, એક મહિલા નુપુર અને સ્ટેબિનને ગળે લગાવતી જોવા મળી હતી, અને એવી અટકળો ચાલી રહી હતી કે તે કૃતિ સેનન છે, જે પોતાની બહેનની ખુશીમાં પોતાને રોકી શકી નથી.નુપુર સેનન અને સ્ટેબિન બેનના સંબંધો વિશે છેલ્લા કેટલાક સમયથી ચર્ચા ચાલી રહી છે. તેઓ ઘણી વખત સાથે જોવા મળ્યા હતા, પછી ભલે તે કૌટુંબિક કાર્યક્રમોમાં હોય કે ખાસ પ્રસંગોમાં. તાજેતરમાં, તેઓએ કૃતિ અને તેના પરિવાર સાથે તહેવારો પણ ઉજવ્યા હતા, જે તેમના સંબંધની ગંભીરતાનો સંકેત આપે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | કી | ઉ | ળ | ઉ | ર | સા | લ | ઉ | ઊ | ચી | ગં |
| ક | ચી | શિ | ણ | ણિ | અ | મો | લ | ર | ભા | લ | દ |
| ગ | સા | ડો | ર | ભો | ભો | શિ | દ | સ | ઔ | બ | પ્ર |
| ત | ધ | રી | લી | ધ | ક | ક્ષ | ણે | લા | ર | એ | બ |
| હા | ર | બં | ધ | કા | કા | ક | અ | બ | હિ | ણ | ર |
| ધ | બા | ર | સા | ખ | વિ | ઈ | બા | ર | આ | ર | ળો |
| ણિ | રો | શિ | સ | વિ | મા | જ્ઞા | જી | ળો | વિ | ગ | આ |
| રા | ક્ષ | વિ | ફ | ર | ચા | ર | ન | મ | ક્ષ | ક | ક્ષ |
| ણ | ન | દ | ગી | ક્રો | વા | ર | ન | મ | ક | ણ | ક |
| ર | ર | ગ | ઈ | બૂ | તુ | ળો | ણા | સ | ભો | તી | કા |
| ન | ર | ળ | લ | ળ | ર | ર | ણ | કા | ર | ક | સા |
| ચી | ભો | બ | લ | દ | રો | મા | દ | ઈ | ક | ધ | આ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# "ધુરંધર" ની સફળતા વચ્ચે, રણવીર અને દીપિકા ન્યૂ યોર્કમાં આનંદ માણતા જોવા મળ્યાઃ કપલના લુકે ધ્યાન ખેંચ્યું



મુંબઇ,

બોલીવુડના પાવર કપલ રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ તાજેતરમાં ન્યૂ યોર્કમાં એનબીએ ગેમ જોતા જોવા મળ્યા હતા, અને તેમની હાજરીએ સોશિયલ મીડિયા પર બધાનું ધ્યાન ખેંચ્યું હતું. આ બંને હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં શિયાળાની રજાઓ ગાળી રહ્યા છે અને બાસ્કેટબોલ મેચ જોતા જોવા મળ્યા હતા. રણવીર અને દીપિકાના ફોટા અને વીડિયો તરત જ ઓનલાઈન વાયરલ થયા હતા. જ્યારે અભિનેતા તેની ફિલ્મ "ધુરંધર" ની સફળતા પછી પહેલેથી જ ચર્ચામાં છે, ત્યારે આ પોસ્ટે તેને અને તેની પત્નીને ફરી એકવાર ચર્ચાનો વિષય બનાવ્યા છે.

રણવીર અને દીપિકા શુક્રવાર, ૨ જાન્યુઆરીના રોજ મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે ન્યૂયોર્ક નિક્સ વિરુદ્ધ એટલાન્ટા હોક્સ ગેમમાં હાજર હતા. મેચ જોનારા ચાહકોએ સ્ટેન્ડમાંથી કપલના સુંદર ફોટા અને વીડિયો શેર કર્યા છે. વાયરલ વીડિયોમાં, કપલ મેચિંગ બ્લેક આઉટફિટમાં જોડિયા જોવા મળે છે. દીપિકાએ કાળા ટ્રાઉઝર સાથે કાળા ચામડાનું જેકેટ પહેરીને એક છટાદાર અને સ્ટાઈલિશ લુક પસંદ કર્યો. તેણીએ ઓછામાં ઓછા એક્સેસરીઝ સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો. રણવીરે ટી-શર્ટ અને મેચિંગ ટ્રાઉઝર ઉપર કાળો જેકેટ પહેરીને તેની સ્ટાઈલને પૂરક બનાવી, અને તેના કેઝ્યુઅલ લુકને પૂર્ણ કરવા માટે બીની ઉમેરી. આ સમય દરમિયાન, કપલે તેમના ચાહકો સાથે સેલ્ફી પણ લીધી.એનબીએ ગેમમાં રણવીરની હાજરીનું પણ ખાસ મહત્વ છે. ૨૦૨૧ માં, નેશનલ બાસ્કેટબોલ એસોસિએશનએ અભિનેતાને ભારત માટે તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા. ત્યારથી, રણવીર બાસ્કેટબોલને પ્રોત્સાહન આપવા અને ભારતીય દર્શકોમાં એનબીએની પહોંચ વધારવા માટે લીગ સાથે સક્રિય રીતે કામ કરી રહ્યો છે.કામના મોરચે, રણવીર હાલમાં તેની નવીનતમ બ્લોકબસ્ટર, "ધુરંધર" ની સફળતાનો આનંદ માણી રહ્યો છે.

# બગદાણામાં કાલે ઉજવાશે બજરંગદાસબાપાનો પુણ્યતિથિ મહોત્સવ, આકર્ષક શણગાર કરાયો

ભાવનગર,તા.૫

ગોહિલવાડમાં આવેલા સુપ્રસિદ્ધ તીર્થસ્થળ બગદાણા ગામે આવેલા અલગારી સંત પૂ. બજરંગદાસબાપાના ગુરૂઆશ્રમ ખાતે પૂ.બાપાના ૪૯માં પુણ્યતિથિ મહોત્સવનું ભાવ અને શ્રદ્ધાભેર ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રતિવર્ષની જેમ પુણ્યતિથિ મહોત્સવમાં એક લાખથી પણ વધુ ભાવિકો બાપાના ચરણોમાં આવીને શીશ નમાવીને ધન્યતા પ્રાપ્ત કરશે તેવી ધારણા છે. આ આયોજન માટેની તૈયારીઓ બગદાણાના ગુરૂઆશ્રમ ખાતે શરૂ કરવામાં આવી છે. આ મંગળ મહોત્સવ આવતીકાલે મંગળવારે યોજાશે.








## ભાવનગર શહેરમાં પણ મઢુલીઓ શણગારાઈ, કાલે વિવિધ કાર્યક્રમોનું આયોજન

# તોલમાપ તંત્ર દ્વારા સોના ચાંદીના એકમોમાં તાપસ, ભાવનગર અને બોટાદમાં ૧૭ સામે કેસ

## નિયત વજન કરતાં ઓછું વજન આપવું, ફેર ચકાસણી અને મુદ્રાંકન કરાવ્યા સિવાયના વજનમાપ ઉપયોગમાં લેવા સહિતની ગેરરીતિ મળી આવી

ભાવનગર,તા.૫

ગ્રાહકોના હિતોની રક્ષા,વેપારમાં પારદર્શિતા અને યોગ્ય માપતોલ સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યભરમાં નિયમિત રીતે કાર્યવાહીની સાથે ગ્રાહક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે ગ્રાહક સુરક્ષા બાબતોના મંત્રી રમણ સોલંકી તેમજ રાજ્ય મંત્રી પી.સી બરંડાના નેતૃત્વમાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૦૨ અને ૦૩ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ રાજ્યના ૩૭૦ જેટલા સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમ પર સામૂહિક આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરાવામાં આવી હતી. જેમાં તોલમાપ તંત્રના અધિકારીઓ દ્વારા રાજ્યના ૨૫ જિલ્લાઓમાં ૨૫૩ પ્રોસિક્યુશન કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી કરીને રૂ.૬,૭૯,૦૦૦/-જેટલી માંડવાળ ફીની વસૂલાત કરવામાં આવી છે. આ તમામ માંડવાળ ફીની વસૂલાત સ્થળ ઉપર જ વસૂલવામાં આવી હતી.

આ તપાસમાં મુખ્યત્વે અમદાવાદમાં સૌથી વધુ ૬૧ એકમોની તપાસ સામે ૨૨ કેસ, ભરૂચ-નર્મદામાં ૨૭ એકમોની તપાસ સામે ૨૫ કેસ, જૂનાગઢ-ગીરસોમનાથમાં ૨૧ એકમોની તપાસ સામે ૨૦ કેસ, ભાવનગર/બોટાદમાં ૨૦ એકમોની તપાસ સામે ૧૭ કેસ તથા સુરતમાં ૨૦ એકમોની તપાસ સામે ૧૪ કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ સિવાય તપાસમાં ગાંધીનગર, વડોદરા,પાટણ ,છોટાઉદેપુર, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, પોરબંદર, અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, મહેસાણા, બનાસકાંઠા-પાલનપુર, સાબરકાંઠા-હિંમતનગર, અરવલ્લી-મોડાસા, રાજકોટ અને મોરબી જિલ્લાનો સમાવેશ થાય છે.

કાનૂની માપવિજ્ઞાન તંત્રના જણાવ્યા મુજબ ઝુંબેશ દરમિયાન રાજ્યના અલગ-અલગ સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમની આકસ્મિક તપાસણી હાથ ધરતાં નિયત કાયદા હેઠળના અમલીકરણ નિયમ/કલમોના ભંગ બદલ એકમો સામે ગુન્હાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ ઝુંબેશ દરમિયાન સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમમાં વપરાતા વજનકાંટાની તપાસ કરતાં ચકાસણી-મુદ્રાંકન સિવાયના વજન-માપ ઉપયોગમાં લેવા, નિયત વજન કરતાં ઓછું વજન આપવું, ફેર ચકાસણી અને મુદ્રાંકન કરાવ્યા સિવાયના વજનમાપ ઉપયોગમાં લેવા, ચોકસાઈ ચકાસવા માટે ચકાસણી અને મુદ્રાંકન થયેલ સિવાયના વજનો રાખવા, ખરાઈ પ્રમાણપત્ર પ્રદર્શિત ન કરવું જેવી વિવિધ ગેરરીતિઓ સામે આવી છે.

# આતંકી હુમલાનો ભોગ બનનાર વિદ્યાર્થીના પરિવારને વિદ્યાદીપ વીમા યોજના અંતર્ગત મળી બે લાખની સહાય



ભાવનગર શહેરના કાળિયાબીડ વિસ્તારમાં રહેતા અને વિદ્યાધીશ સ્કૂલમાં અભ્યાસ કરતા સ્મિત પરમાર અને તેના પિતાનુ થોડા માસ પૂર્વે પહલગામ આંતંકી હુમલામાં આકસ્મિક અવસાન થયું હતું. આથી સામાજિક કાર્યકર ભરત એ. મોણપરાએ વિદ્યાદીપ વીમા યોજના માટેના જરૂરી પેપરો એકત્રિત કરી વિમાન નિયામકની કચેરીએ અરજી કરી હતી આથી તા.૦૩ જાન્યુઆરીના રોજ સ્મિત પરમારના પરિવારને મેયર ભરતભાઈ બારડ. પૂર્વ મેયર મનભા મોરી, નગરસેવીકા વર્ષાબા પરમાર, ભાજપના વોર્ડ પ્રમુખ ભાર્ગવભાઈ ભટ્ટ, વોર્ડ મહામંત્રી વિનુભાઈ ગાંગાણી અને યોગેન્દ્રસિંહ ગોહિલ, કિરણભાઈ સરવૈયા વિદ્યાધીશ સ્કુલના સંચાલક સુતરીયા સર, નાગજીભાઈ મકવાણા, જનકભાઈ સોલંકી અને વિદ્યાદિપ વિમા યોજના અંતર્ગત સેવા ભાવથી સહાય મંજુર કરાવનાર ભરત મોણપરા સહિતનાએ ઉપસ્થિત રહી અને બે લાખનો ચેક અર્પણ કર્યો હતો.

અનુ.પાના ૮નું શરૂ...

## કાળિયાબીડના વ્યાજખોરે

હતા. પરંતુ તે ગાળામાં વ્યાજખોર રાજેન્દ્રસિંહે વકીલને બોલાવી, હરેશભાઇના મકાન પોતાના નામે લખાવી, બળજબરીથી સહી કરાવી લીધી હતી અને હિતેશભાઇ અને તેની પત્નીના નામે બે કોરા ચેક લઇ, રકમ લખી બંન્ને ચેકો બેન્કમાંથી બાઉન્સ કરાવી, હરેશભાઇ ઉપર ચેક પરતનો કેસ કર્યો હતો.

દરમિયાન ફરિયાદી કોર્ટમાં જતાં કોર્ટ પરિસરની બહાર વ્યાજખોરે પુત્રને જોઇ લઇશ તેમ કહી, હરેશભાઇને ધમકી આપી, મકાન ઉપરાંત વધુ સાત લાખ રૂપિયા વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા હરેશભાઇએ વ્યાજખોર રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભા ભાઇસાબભા ગોહિલ વિરૂદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

## સ્ટ્રીટ જલ્સામાં હજ્જારો

અને ભાવનગર પોલીસના સહયોગથી આ વર્ષે સ્ટ્રીટ જલ્સા-સીઝન ૫ યોજાઈ હતી જે અગાઉના તમામ રેકોર્ડો તોડી ચૂકી હતી. કાર્યક્રમ સવારે ૬ થી ૯ વાગ્યા સુધી શહેરના આતાભાઈ ચોકથી ગુલિસ્તાન ગ્રાઉન્ડ થઈ સેન્ટ્રલ સોલ્ટ ક્રોસ રોડ સુધીના માર્ગ પર યોજાયો હતો ,જેમાં ગીત-સંગીત, વિવિધ પ્રસ્તુતિઓ, અભિવ્યક્તિ પ્રવૃત્તિઓ, યોગા, રમતગમત સહિતની અનેક ઉત્સાહભરી પ્રવૃત્તિઓ દ્વારા શહેરવાસીઓને અનોખો અનુભવ આપવામાં આવ્યો હતો સ્ટ્રીટ જલ્સા ઈવેન્ટ હવે ભાવનગરની આગવી ઓળખ બની ગઈ છે. રવિવારની સવારને યાદગાર બનાવવી, લોકોની રોજિંદી જીવનશૈલીમાં નવી ઉર્જા અને ઉત્સાહ ભરવો તેમજ વિવિધ ક્ષેત્રોમાં સામાજિક જાગૃતિ ફેલાવવાનો હેતુ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ હતો.

## હાથ ઉછીના આપેલ

મનસુખભાઇ પાસે ઉઘરાણી કરતા હતા. ગત તા. ૩ને શનિવારે પોતે મનસુખભાઈને ૧૦ લાખની ઉઘરાણી માટે ફોન કરતા મનસુખભાઈએ તેને બોલાવેલ આથી તેઓ ત્યાં જતા તેની સાથે બોલાચાલી કરી ગાળો આપી ઢીકા-પાટુનો માર મારી અને લાકડાના ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. આ બનાવ અંગે ગારિયાધાર પોલીસે બીએનએસની કલમ ૧૧૫-૨, ૩૫૨, ૩૫૧-૩ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મંત્રી નિમુબેનના પ્રયાસોથી

જિલ્લા વહીવટીતંત્ર, ભાવનગરના સહયોગથી તા. ૦૫ ડિસેમ્બર, ૨૦૨૪ થી ૧૮ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન સમગ્ર ભાવનગર જિલ્લામાં બ્લોકવાર પરીક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પરીક્ષણ શિબિરોના અંતે ભાવનગર જિલ્લામાં કુલ ૨૦૬૭ દિવ્યાંગજનોને ૩૭૬૩ સહાયક સાધનોના નિઃશુલ્ક વિતરણ માટે પૂર્વચિહ્નિત કરવામાં આવ્યા છે, જેની કુલ અંદાજિત કિંમત રૂ. ૨,૮૧,૬૧,૪૪૯/- થાય છે. ચિહ્નિત દિવ્યાંગ લાભાર્થીઓને એલિમ્કો દ્વારા નિર્મિત વિવિધ પ્રકારના સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.શિહોર ખાતેયોજાનાર વિતરણ શિબિરમાં એલિમ્કો દ્વારા તૈયાર કરાયેલ બેટરીચાલિત મોટરાઇઝ્ડ ટ્રાઈસાયકલ, ટ્રાઈસાયકલ, વ્હીલચેર, સી.પી. ચેર, બેસાખી, શ્રવણયંત્ર (કાનની મશીન) તથા કૃત્રિમ અંગો સહિતના સહાયક સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.ભાવનગર જિલ્લામાં બાકી રહેલા તમામ પૂર્વચિહ્નિત દિવ્યાંગજનોને તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી બ્લોકવાર યોજાનારી શિબિરો દ્વારા સહાયક સાધનોનું વિતરણ પૂર્ણ કરવામાં આવશે.આ રીતે, ય્ફઝન્ની ઝજીઇ યોજના તથા ભારત સરકારની છઠ્ઠૈ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં અમલમાં આવી રહેલો આ કાર્યક્રમ દિવ્યાંગજનોના આત્મનિર્ભરતા, સામાજિક સમાવેશ અને સન્માનસભર જીવન તરફનું મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# ૨૮મીએ ભાવનગર તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ

## કલેક્ટર રહેશે અધ્યક્ષ સ્થાને, શહેરીજનો પાસેથી પ્રશ્નો મંગાવાયા

ભાવનગર,તા.૫

ભાવનગર તાલુકાનો તા.૨૮ને બુધવારના રોજ ૧૧ કલાકે સીટી મામલતદાર કચેરી, બી.પી.ટી.આઇ. સામે, વિદ્યાનગર, ભાવનગર શહેર ખાતે મુખ્યમંત્રીનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તાલુકા કક્ષાના પ્રશ્નોના નિકાલ કરવા માટે કલેક્ટર, ભાવનગરના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ છે.

આથી ભાવનગર સીટીના પ્રશ્નો માટે ભાવનગર શહેરના અરજદારો પાસેથી તા.૧૨ જાન્યુઆરી સુધીમાં વિવિધ કચેરીઓમાં અનિર્ણીત પ્રશ્નોની આધાર પુરાવા સાથે અરજી મંગાવવામાં આવે છે. પ્રશ્ન રજૂ કરવા માટે જે તે અરજદારે ભાવનગર શહેર સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમના મથાળા નીચે સીટી મામલતદાર, ભાવનગરને પુરાવા સાથે અરજી કરવાની રહેશે.

આ કાર્યક્રમમાં ગત તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અનિર્ણીત રહેલ અરજદારો તથા સંબંધિત વિભાગોએ જરૂરી આધારો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. આ કાર્યક્રમમાં અરજદારે જાતે રૂબરૂ હાજર રહી એક જ વિષયને લગતી રજૂઆત કરી શકાશે. સામૂહિક રજૂઆત કરી શકાશે નહીં.

# પોલીસને જાણ કર્યા વિના મકાન ભાડે આપનાર સામે કેસ નોંધાયો

ભાવનગર,તા.૫

ભાવનગર શહેર કે જિલ્લામાં પોતાનું મકાન ભાડે આપતા પહેલા પોલીસને જાણ કરવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવા છતાં કુંભારવાડા ગોકુલ નગરમાં રહેતા માસાભાઇ ખોડાભાઈ કોતરે ભાડા ચિઠ્ઠી કે આધાર પુરાવા વગર અને પોલીસને જાણ કાર્ય વિના પોતાનું મકાન ભાડે આપ્યાનું જાણવા મળતા પોલીસ કાફલો ત્યાં પહોંચ્યો હતો અને માસાભાઇ વિરુદ્ધ બીએનએસની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી ધપરંસારની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ભંડારિયામાં મેલકડી અને જાગનાથ મહાદેવ જવાનો રસ્તો બન્યો ખખડધજ

## મેલકડીના ધાવડી માતાના મંદિરે તથા દુઃખીશયમ બાપાના આશ્રમે મોટી માત્રામાં ભાવિકોની આવન જાવન હોવા છતાં રસ્તો નવો નહી બનાવાતા ભારે હાડમારી

ભંડારિયા,તા.૫

ભાવનગર તાલુકાના ભંડારિયામાં મેલકડી ગામ સંપૂર્ણ આદિવાસી વસ્તી ધરાવતું જિલ્લાનું એકમાત્ર ગામ છે તેના વિકાસ માટે યોગ્ય પગલા ભરાયા નથી, ભંડારિયાથી મેલકડી જવાનો ડામર માર્ગ નામશેષ થયો છે, રસ્તામાંથી કાંકરા અને ધૂળની ડમરી ઉડી રહી છે. અહી ધાવડી માતાના મંદિર સાથે ભાવિકોનો બહોળો સમુદાય જોડાયેલો છે ત્યાં મોટી માત્રામાં આવતા પદયાત્રીઓ, વાહન ચાલકો ભારે અગવડતા ભોગવી રહ્યા છે. દર રવિવારે ભાવિકો ખુલ્લા પગે દર્શને જતા હોય છે તેઓની મુશ્કેલીનો પાર નથી.

જયારે ભંડારિયામાં આવેલ જાગનાથ મહાદેવનું મંદિર– પૂ. સંત દુઃખિશ્યામ બાપાના આશ્રમનો રસ્તો હાલ સંપૂર્ણ ખખડધજ બની ગયો છે, આ જગ્યા સાથે બહોળો સમુદાય શ્રધ્ધાથી જોડાયેલો છે, ત્યાં સુધી જવા ડામર રોડ વર્ષો પહેલા બન્યો હતો પરંતુ સરકારના નિયમ મુજબ સમયાંતરે રિકાર્પેટ કરાયો નથી. આથી હાલ સ્થિતિ ખૂબ ખરાબ છે.

મેલકડીનું ધાવડી માતાનું મંદિર અને જાગનાથ મહાદેવ આ બંને ધર્મ સ્થાનકોમાં પ્રતિદિન દર્શનાર્થીઓ, યાત્રિકો આવતા રહેતા હોય છે. પ્રસંગોપાત મોટી સંખ્યામાં ભાવિકોની આવન જાવન રહે છે, છેલ્લા લાંબા સમયથી રસ્તાની સ્થિતિ દયનીય હોવાથી ભાવિકો અને ગ્રામજનો ભારે હાડમારી વેઠી રહ્યા છે ત્યારે આ બંને રોડ નવા બનાવવા ભારે માંગ ઉઠી છે.

# પી.એમ.સ્કૂલ ઘોઘા સર્કલ ખાતે યોજાયો કોમર્સ કાર્નિવલ



શહેરની પીએમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ ૧૧ અને ૧૨ ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને લઈ કોમર્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહના વિવિધ વિષયોને લઈ ૩૦ જેટલા મોડલ અને ચાર્ટ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં મુકેશભાઈ મંગલાણી અને પ્રતિકભાઇ વશિષ્ઠ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શન નિહાળી બંને મહાનુભવોએ શાળા અને વિદ્યાર્થીઓના પ્રયત્નોને બિરદાવ્યા હતા.આચાર્ય ધવલભાઈ દવેએ કાર્યક્રમની ઝલક રજૂ કરી હતી.આ સમગ્ર પ્રદર્શનમાં સંસ્થાના ટ્રસ્ટી જયભાઈ મોદી અને જાનકીબેન મોદી દ્વારા સતત માર્ગદર્શન પૂરું પાડી અને સમગ્ર પીએમ ટીમને શુભેચ્છા પાઠવી હતી.

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**જાહેર સૂચના**

**ઈલેક્ટ્રિફાઈડ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાડવા બાબતે**

આથી સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે ભાવનગર મંડળના સુરેન્દ્રનગર-પીપાવાવ, રાજુલા-મહુવા, ધોળા-ભાવનગર, સિહોર-પાલીતાણા, કાનાલુસ-પોરબંદર, ઢસા-જેતલસર, જેતલસર-વાંસજાલિયા, રાજકોટ-વેરાવળ, સાબરમતી-બોટાદ વિભાગ પર ઓવરહેડ વોલ્ટેજ ઈલેક્ટ્રિક વાયર દ્વારા 25000 વોલ્ટ ઓન એસી પર રેલવે ટ્રેકનું વીજળીકરણ કરવામાં આવ્યું છે. ઓવરહેડ ટ્રેક્શન વાયરમાંથી ફસાયેલા પતંગો, દોરા દૂર કરવાની પ્રવૃત્તિઓ ચાલી રહી છે, જેનાથી માનવ જીવનનું નુકસાન થઈ શકે છે. 25000 વોલ્ટ ઓવરહેડ ટ્રેક્શન વાયરમાંથી ફસાયેલા પતંગો, દોરા દૂર કરતી વખતે માનવ જીવનનું જોખમ રહેલું છે, જેનાથી ઓવરહેડ ટ્રેક્શન વાયર તૂટવાથી રેલવે ટ્રાફિકમાં ગંભીર અવરોધ અને માનવ જીવનનું નુકસાન થઈ શકે છે.

આ ઉપરાંત, એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક દોરા પર ધાતુના પાવડરનું કોટિંગ હોય છે જેના કારણે ઓવરહેડ ટ્રેક્શન વાયર (OHE) ની નજીક પતંગ ઉડાડતી વખતે માનવ જીવનનું નુકસાન થઈ શકે છે.

**તેથી, જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ રેલ્વે ટ્રેક નજીક પતંગ ઉડાડવાનું ટાળે/રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેક્શન વાયરમાંથી પતંગ દૂર કરે, કારણ કે આનાથી માનવ જીવન જોખમમાં મુકાઈ શકે છે અને અન્ય લોકોને પણ આ અંગે સલાહ આપો.** BVP 234

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**શ્રી મરીયમબેન નુરભાઈ કુરેશી,**
**રહે. માઢિયા ફળી, વડવા, ભાવનગર.**

**અરજી રજી. નં. ૨૦૬/૨૫**
**જ.તા.૦૧/૦૧/૧૯૬૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગર કચેરી,**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી મરીયમબેન નુરભાઈ કુરેશી, રહે. માઢિયા ફળી, વડવા, ભાવનગર તેમના બહેનની પુત્રી યાસ્મીનબેન કરીમભાઈ રાઠોડનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૬૫ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૩૦/૧૦/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(કે.બી.ચાંદલીયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

# વેનેઝુએલાનો માદુરો કસ્ટડીમાં, અમેરિકા દેશ ચલાવશેઃ ડોનાલ્ડ ટ્રમ્પ

## વેનેઝુએલા-અમેરિકાના તણાવઃ નિકોલસ માદુરોને ન્યૂયોર્ક લઈ જવામાં આવ્યા; ટ્રમ્પે કોલંબિયાને ચેતવણી આપી



વોશિંગટન,

રવિવારે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણ અમેરિકન નેતાને પકડવા અને દેશ અને તેના વિશાળ તેલ ભંડાર પર નિયંત્રણ મેળવવા માટે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો ન્યૂ યોર્કના અટકાયત કેન્દ્રમાં હતા.

શનિવારે વહેલી સવારે કરાકાસના કેટલાક ભાગોમાં વીજળી ગુલ કરવા અને લશ્કરી સ્થાપનો પર હુમલા સહિતની નાટકીય કાર્યવાહીના ભાગ રૂપે, યુએસ સ્પેશિયલ ફોર્સે માદુરો અને તેમની પત્ની, સિલિયા ફ્લોરેસને પકડી લીધા અને તેમને હેલિકોપ્ટર દ્વારા યુએસ નેવીના દરિયા કિનારાના જહાજમાં લઈ ગયા અને પછી તેમને યુ.એસ. લઈ ગયા.

"જ્યાં સુધી અમે સુરક્ષિત, યોગ્ય અને ન્યાયી સંક્રમણ કરી શકીએ ત્યાં સુધી અમે દેશ ચલાવીશું," ટ્રમ્પે ફ્લોરિડામાં તેમના માર-એ-લાગો રિસોર્ટમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું.

મહિનાઓ સુધી, તેમના વહીવટીતંત્રે ૬૩ વર્ષીય માદુરોની યુ.એસ.માં ડ્રગ્સ મોકલવામાં તેમની સંડોવણી અંગે ટીકા કરી. તેણે કેરેબિયનમાં મોટા પાયે લશ્કરી રચના અને કથિત ડ્રગ્સ ચલાવતી બોટો પર શ્રેણીબદ્ધ ઘાતક મિસાઈલ હુમલાઓ સાથે દબાણ વધાર્યું.

વેનેઝુએલામાં સંભવિત શક્તિ શૂન્યાવકાશ જ્યારે ઘણા પશ્ચિમી સાથીઓ માદુરોનો વિરોધ કરે છે અને કહે છે કે તેમણે ૨૦૨૪ ની વેનેઝુએલાની ચૂંટણી ચોરી લીધી છે, ત્યારે ટ્રમ્પના રાષ્ટ્રને નિયંત્રિત કરવા અને તેના તેલનો ઉપયોગ કરવાની બડાઈએ લેટિન અમેરિકા, ઈરાક અને અફઘાનિસ્તાનમાં ભૂતકાળના યુએસ હસ્તક્ષેપોની પીડાદાયક યાદોને તાજી કરી દીધી છે.કેટલાક કાનૂની નિષ્ણાતોએ વિદેશી શક્તિના વડાને કબજે કરવા માટેના ઓપરેશનની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, જ્યારે તાજેતરના કોંગ્રેસ બ્રીફિંગ દરમિયાન તેમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોવાનું કહેતા ડેમોક્રેટ્સે આગળ શું થવાનું છે તેની યોજનાની માંગ કરી હતી.

ટ્રમ્પે કહ્યું હતું કે ટેકઓવરના ભાગ રૂપે, મુખ્ય યુએસ તેલ કંપનીઓ વેનેઝુએલામાં પાછા જશે, જેમાં વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર છે, અને ખરાબ રીતે બગડેલા તેલ માળખાને નવીનીકરણ કરશે, જે પ્રક્રિયા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે વર્ષો લાગી શકે છે.તેમણે કહ્યું કે તેઓ વેનેઝુએલામાં યુએસ દળો મોકલવા માટે ખુલ્લા છે. "અમે જમીન પર બૂટથી ડરતા નથી," તેમણે કહ્યું.શનિવારે રાત્રે માદુરોને લઈ જતું એક વિમાન ન્યુ યોર્ક શહેર નજીક ઉતર્યું હતું, અને ભારે પોલીસ સુરક્ષા હેઠળ બ્રુકલિનના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં એક મોટા કાફલા દ્વારા લઈ જવામાં આવતા પહેલા તેમને હેલિકોપ્ટર દ્વારા શહેરમાં લઈ જવામાં આવ્યા હતા.

# ઓડિશાઃ ધેંકનાલમાં પથ્થરની ખાણમાં પ્રચંડ વિસ્ફોટ થતાં અનેક લોકોના મોતની આશંકા

ધેંકનાલ,

રવિવારે ઓડિશાના ધેંકનાલ જિલ્લામાં એક શક્તિશાળી વિસ્ફોટ બાદ પથ્થરની ખાણમાં મોટા પ્રમાણમાં ખડકો ધસી પડતાં અનેક લોકોના મોત થયાની આશંકા છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ ઘટના શનિવારે પણ બની હતી, જ્યારે કામદારો ગોપાલપુર ગામ નજીક એક ખાણમાં ખોદકામ અને પથ્થરોની શોધ કરી રહ્યા હતા.

ઓડિશા પોલીસના જણાવ્યા અનુસાર, જે જગ્યાએ આ ઘટના બની તે મોટાંગા પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવે છે.

સ્થાનિક મીડિયા અહેવાલો સૂચવે છે કે વિસ્ફોટને કારણે ખડકો તૂટી પડ્યા છે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ અકસ્માતનું કારણ શું છે તેની તપાસ કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઘણા લોકો ફસાયેલા હોવાની આશંકા છે અને બચાવ કામગીરી ચાલી રહી છે. અધિકારીઓએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે.

ફાયર સર્વિસ, ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સ (ODRAF) અને ડોગ સ્ક્વોડની ટીમો પણ બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ધેંકનાલ કલેક્ટર આશિષ ઈશ્વર પાટિલ અને પોલીસ અધિક્ષક (SP) અભિનવ સોનકર સહિત વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે અને બચાવ કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે, જેમાં મશીનોનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

"મોટા પથ્થરો નીચે બે થી ચાર લોકો ફસાયા છે. આ પથ્થરો કાપીને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે મશીનરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ફાયર વિભાગની બે ટીમો તૈનાત કરવામાં આવી છે, અને એક ડોગ સ્ક્વોડ પણ ઘટનાસ્થળે મદદ કરી રહી છે," ફાયર ઓફિસર નબાઘના મલ્લિકે સમાચાર એજન્સી ANI ને જણાવ્યું.

ઓડિશાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને બીજુ જનતા દળ (BJD) ના સુપ્રીમો નવીન પટનાયકે આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે. ઠ (અગાઉ ટ્વિટર) પર ઓડિયા ભાષામાં પોસ્ટ કરીને, તેમણે ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી છે, અને તેની યોગ્ય તપાસની માંગ કરી છે.

# જમ્મુ કાશ્મીરના બારામુલામાં સુરક્ષા દળોના સર્ચ ઓપરેશનમાં મળી વિસ્ફોટક સામગ્રી

## સુરક્ષાદળોએ આતંકીઓના છુપાવાના ઠેકાણાનો નાશ કર્યો



બારામુલા,

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળો દ્વારા આતંકીઓ ઝડપવા સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં બારામુલાના સુચલીવારનના જંગલ વિસ્તારમાં ગુપ્ત માહિતીના આધારે સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ ઓપરેશન પોલીસ, સીઆરપીએફ, એએસટી અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સામેલ છે. જેમાં સુરક્ષા દળોએ એક આતંકીઓના છુપાવાનું સ્થાન મળી આવ્યું છે. આ સ્થળેથી શંકાસ્પદ વસ્તુઓ અને વિસ્ફોટકો પણ મળી આવ્યા છે.

સુરક્ષા દળોને મળેલી ગુપ્ત માહિતીના આધારે બારામુલ્લાના સુચલીવારન જંગલમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં આતંકવાદીઓના ઠેકાણામાંથી ચોવીસ કાટ લાગેલી છદ્ધ-૪૭ ગોળીઓ, બે હેન્ડ ગ્રેનેડ, માંસાહાર ભરેલો ડબ્બો, દવાઓ, વાયરલેસ એન્ટેના, કરવત, છત્રી, જૂતા, કુહાડી, વાયર કટર અને અન્ય રોજિંદી વસ્તુઓ મળી આવી હતી. જેની બાદ આ ઠેકાણાનો નાશ કરવામાં આવ્યો હતો.આ ઓપરેશનમાં જાનહાનીના કોઈ અહેવાલ નથી.

આ સર્ચ ઓપરેશન દરમિયાન એસીક્લોફેનાક, પેરાસીટામોલ અને ક્લોરઝોક્સાઝોન સહિતની કેટલીક દવાઓ પણ મળી આવી હતી. આ સામગ્રી સ્પષ્ટપણે દર્શાવે છે કે આ છુપાવાનું સ્થળ લાંબા સમયથી ઉપયોગમાં લેવામાં આવતું હતું.

# નાઈજીરિયાના ગામ પર બંદૂકધારીઓએ કરેલા હુમલામાં ૩૦ લોકોના મોત

## ગુનાખોરી માટે જાણીતા આ વિસ્તારમાં હુમલાખોરોએ બજાર અને ઘરોમાં આગ લગાડી અનેકના અપહરણ કર્યા



નાઈજર,

નાઈજીરિયાના ઉત્તરી નાઈજર રાજ્યમાં હિંસા અને અસુરક્ષાની એક અત્યંત ભયાનક ઘટના સામે આવી છે. ભારે હથિયારોથી સજ્જ બંદૂકધારીઓએ એક ગામ પર હુમલો કરી ઓછામાં ઓછા ૩૦ ગ્રામજનોને મોતને ઘાટ ઉતારી દીધા છે, જ્યારે અનેક લોકોનું અપહરણ કરી લેવામાં આવ્યું છે. આ વિસ્તાર લાંબા સમયથી ગુનાખોરી અને સશસ્ત્ર જૂથોની હિંસા ચાલી રહી છે.

આ હુમલો નાઈજર રાજ્યના બોરગુ સ્થાનિક સરકારી વિસ્તારમાં આવેલા કસુવાન-દાજી ગામમાં થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોરો અચાનક ગામમાં ત્રાટક્યા હતા અને રહેવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જીવ બચાવવા માટે લોકો આમ-તેમ ભાગવા લાગ્યા હતા, પરંતુ આતંકીઓએ કોઈને છોડ્યા નહોતા.

હુમલાખોરોએ માત્ર ગોળીબાર જ નહીં, પણ ગામના સ્થાનિક બજાર અને અનેક ઘરોને પણ આગ લગાડી દીધી હતી. આ ભીષણ આગજનીમાં ગામમાં ભારે તબાહી સર્જાઈ છે અને અનેક પરિવારો બેઘર થઈ ગયા છે. હુમલા બાદ આખા ગામમાં માત્ર ધુમાડો અને બળી ગયેલી ઈમારતોના અવશેષો જ જોવા મળી રહ્યા છે.

નાઈજર રાજ્ય પોલીસના પ્રવક્તા વાસિયુ અબિયોદુને જણાવ્યું કે, સુરક્ષા દળોને વિસ્તારમાં તૈનાત કરવામાં આવ્યા છે અને અપહરણ કરાયેલા લોકોની શોધખોળ માટે અભિયાન શરૂ કરાયું છે. જોકે, સ્થાનિક ગ્રામજનોએ પોલીસના આ દાવાઓને પોકળ ગણાવ્યા છે. લોકોનો આરોપ છે કે રવિવાર સુધી ગામમાં કોઈ સુરક્ષા બળ પહોંચ્યું નહોતું અને હુમલા બાદ તેમને અસહાય છોડી દેવામાં આવ્યા હતા.

# વેનેઝુએલામાં સંકટ મુદ્દે ભારત સરકારે ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી

નવી દિલ્હી,

અમેરિકન સેનાએ વેનેઝુએલાના રાષ્ટ્રપતિને બળજબરીપૂર્વક કારાકસમાં ઉઠાવીને અમેરિકા લઈ ગયા છે ત્યારે બંને દેશ વચ્ચેની અંધાધૂંધીને લઈ ભારતે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. વેનેઝુએલામાં ફસાયેલા ભારતીયોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રાલયે તાજેતરના વેનેઝુએલા ઘટનાક્રમ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત વર્તમાન સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને શાંતિ બનાવી રાખવાની અપીલ કરી છે. સાથે જ મંત્રાલયે આ માટે તમામ પક્ષોને વાતચીતથી મુદ્દાને ઉકેલવા અપીલ કરી છે.

ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, કરાકસ સ્થિત ભારતીય દૂતાવાસ ભારતીય સમુદાયના સંપર્કમાં છે અને શક્ય તમામ સહાય પૂરી પાડવાનું ચાલુ રાખશે. ભારતે શનિવારે રાત્રે વેનેઝુએલાની સ્થિતિને જોતા પોતાના નાગરિકોને ત્યાં બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે.

મંત્રાલયે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની અમેરિકા દ્વારા ધરપકડ સાથે જોડાયેલા ઘટનાક્રમના પગલે એડવાઈઝરી જાહેર કરી છે. વિદેશ મંત્રાલયે વેનેઝુએલામાં હાજર તમામ ભારતીયોને પણ સાવચેત રહેવા અને પોતાની અવરજવર મર્યાદિત રાખવા જણાવ્યું છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વેનેઝુએલામાં તાજેતરના ઘટનાક્રમને જોતા ભારતીય નાગરિકોને ત્યાંની તમામ બિનજરૂરી મુસાફરી ટાળવાની સખત સલાહ આપવામાં આવે છે.” નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે જે ભારતીયો કોઈ પણ કારણસર વેનેઝુએલામાં છે, તેમને અત્યંત સાવધ રહેવા, પોતાની પ્રવૃત્તિઓ મર્યાદિત રાખવા અને કરાકસ સ્થિત ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવે છે.

**ભારતીય નાગરિકોને પોતાની મુસાફરી મર્યાદિત રાખવા અને ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવા અનુરોધ કરાયો**

# ઉત્તર કોરિયાએ સમુદ્રમાં બેલેસ્ટિક મિસાઈલ છોડતા જાપાન અને દક્ષિણ કોરિયા સતર્ક

**મિસાઈલ પરીક્ષણ પહેલા ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને દેશની મહત્વની હથિયાર ફેક્ટરીની મુલાકાત પણ લીધી હતી.**

પ્યોંગયાંગ,

વિશ્વભરની શાંતિ સમિતિઓની ચેતવણી છતાં ઉત્તર કોરિયા પોતાની સૈન્ય ગતિવિધિઓને રોકવાનું નામ નથી લઈ રહ્યું. ફરી સરહદી વિસ્તારોમાં ભયનો માહોલ પેદા કરતા ઉત્તર કોરિયાએ દરિયામાં બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી. આ ઘટના બાદ દક્ષિણ કોરિયા, જાપાન અને અમેરિકાની નજર પ્યોંગયાંગની હિલચાલ પર ટકેલી છે. આ વિસ્તારમાં સતત વધી રહેલા મિસાઈલ પરીક્ષણો આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ફરી ચિંતાનો વિષય બન્યા છે.

દક્ષિણ કોરિયાના સંરક્ષણ વિભાગ ‘જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ’ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન અનુસાર ઉત્તર કોરિયાએ તેના પૂર્વી તટથી ‘જાપાન સાગર’ તરફ એક શંકાસ્પદ બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરી છે. જાપાનના સંરક્ષણ મંત્રાલયે પણ આ સમાચારની પુષ્ટિ કરી છે. હાલમાં સૈન્ય નિષ્ણાતો આ મિસાઈલની રેન્જ અને તેના પ્રકાર વિશે ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છે, જોકે હજુ સુધી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી.

મિસાઈલ પરીક્ષણ પહેલા ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને દેશની મહત્વની હથિયાર ફેક્ટરીની મુલાકાત લીધી હતી. સરકારી મીડિયાના અહેવાલ મુજબ કિમ જોંગે સૈન્ય અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે વ્યૂહાત્મક માર્ગદર્શિત શસ્ત્રોનું ઉત્પાદન બમણું કરવામાં આવે. આ ઉપરાંત, તેમણે પરમાણુ શક્તિથી ચાલતી સબમરીનનું પણ નિરીક્ષણ કર્યું હતું, જે દર્શાવે છે કે આગામી વર્ષે યોજાનારી ‘વર્કર્સ પાર્ટી’ની કોંગ્રેસ પહેલા ઉત્તર કોરિયા પોતાની સૈન્ય શક્તિને ચરમસીમાએ લઈ જવા માંગે છે.

ઉત્તર કોરિયાની આ સક્રિયતા પાછળ અનેક કારણો હોવાનું માનવામાં આવે છે. નવેમ્બર મહિનામાં જ્યારે અમેરિકાએ દક્ષિણ કોરિયાને પરમાણુ સબમરીન બનાવવાની મંજૂરી આપી હતી, ત્યારે પણ કિમ જોંગે મિસાઈલ છોડીને વિરોધ નોંધાવ્યો હતો.વિશ્લેષકોનું માનવું છે કે ઉત્તર કોરિયા પોતાની હુમલો કરવાની ક્ષમતાને સચોટ બનાવવા માંગે છે. સાથે જ, એવી પણ શક્યતા છે કે તે પોતાના અત્યાધુનિક હથિયારો રશિયા જેવા દેશોને નિકાસ કરવા માટેનું મેદાન તૈયાર કરી રહ્યું છે, જે વૈશ્વિક રાજનીતિમાં નવા સમીકરણો બનાવી શકે છે.

# સરકાર અને સૈન્યના અત્યાચાર મામલે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં બળવાની સ્થિતિ

## ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપ સાથે યુવાનો રસ્તા પર ઉતર્યા



ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના અત્યાચારોથી કંટાળીને ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં પણ હવે બળવો થવા લાગ્યો છે. પાકિસ્તાનના કબજામાંથી સ્વતંત્ર થવા માટે અનેક યુવાનો, વિપક્ષ અને આમ નાગરિકો દ્વારા વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અનેક પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી છે.

જીબી યૂથ મૂવમેન્ટના નેતૃત્વમાં ગિલગિટના ચિનારબાગથી ધરણા પ્રદર્શન શરૂ કરવામાં આવ્યા હતા. જે બાદમાં નગર અને શિગાર જેવા અંતરિયાળ વિસ્તારો સુધી ફેલાયું હતું. અનેક પ્રદર્શનકારીઓની ધરપકડને કારણે હવે આ વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર સ્વરુપ ધારણ કરવા લાગ્યું છે. સ્થાનિક લોકોમાં પાકિસ્તાની સરકાર, સૈન્ય અને પોલીસ પ્રત્યે કેટલો અસંતોષ છે તે આ વિરોધ પ્રદર્શન દર્શાવી રહ્યું છે.

ગિલગિટ બાલ્ટિસ્તાનમાં ચૂંટણી પ્રક્રિયામાં મોટી ગેરરિતી આચરવામાં આવી હોવાના આરોપ સાથે લોકો રસ્તા પર ઉતર્યા છે. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે મંત્રીમંડળમાં નિમવામાં આવેલી વ્યક્તિ અગાઉ કોઈ ને કોઈ રાજકીય સંબંધ ધરાવનારી છે. અગાઉની સરકારોમાં સેવા આપી ચુકી છે. આ વિરોધ પ્રદર્શનની આગેવાની લેનારા અઝફર જમશેદે ચેતવણી આપી હતી કે જો કાર્યવાહક સરકારના ગઠનમાં ચર્ચામાંથી યુવાઓને બહાર રાખવામાં આવશે તો આ વિરોધ પ્રદર્શન જારી રહેશે. પુરા દેશમાં જ્યાં પણ અમારા સમર્થકો હશે ત્યાં આ વિરોધ પ્રદર્શન પહોંચી જશે. આ પ્રાંતમાં આગામી ૨૪મી તારીખે ચૂંટણી યોજાવા જઇ રહી છે જેને કારણે આ મહિનો વિરોધ પ્રદર્શનો જારી રહે તેવી શક્યતા છે.

# ઇન્દોરમાં દૂષિત પાણીથી થયેલા મૃત્યુ મામલે પ્રાયશ્ચિત થવું જોઈએ, પૂર્વમુખ્યમંત્રી ઉમા ભારતી

ઈન્દોર,

દેશના સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરમાં અત્યાર સુધીમાં દૂષિત પાણીને કારણે ૧૫ લોકોના મોત થયા છે. આ ઘટનાએ મધ્યપ્રદેશથી દિલ્હી સુધી હોબાળો મચાવ્યો છે. આ ઘટના પર વિપક્ષ સરકાર પર સતત હુમલો કરી રહ્યો છે. દરમિયાન, ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીએ પણ આ ઘટના પર વ્યાપક નારાજગી વ્યક્ત કરી છે. તેમણે તેને સરકાર અને તંત્ર માટે શરમજનક અને અપમાનજનક ગણાવ્યું છે.૨૦૨૫ ના અંતમાં ઈન્દોરમાં દૂષિત પાણી પીવાથી થયેલા મૃત્યુ આપણા રાજ્ય, આપણી સરકાર અને આપણી સમગ્ર વ્યવસ્થા માટે શરમજનક અને અપમાનજનક છે.રાજ્યના સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ મેળવનાર શહેરમાં એટલી બધી કુરૂપતા, ગંદકી અને ઝેરી પાણી છે જે અસંખ્ય જીવોને ગળી રહ્યું છે અને મૃત્યુઆંક વધી રહ્યો છે.એક જીવન બે લાખ રૂપિયાનું મૂલ્ય નથી, કારણ કે તેમના પરિવારો જીવનભર શોકમાં ડૂબેલા રહે છે. આ પાપ માફ થવો જોઈએ, પીડિતોની માફી માંગવી જોઈએ, અને ઉપરથી નીચે સુધી જવાબદાર તમામ લોકોને મહત્તમ સજા આપવી જોઈએ.કોણ કહી રહ્યું છે કે ઈન્દોર દૂષિત પાણી કેસમાં અમારો કોઈ વાંક નથી? જ્યારે તમારા માટે બધું કામ ન કરતું, ત્યારે તમે તમારા પદ પર બેઠા બેઠા બિસ્લેરી પાણી કેમ પીતા રહ્યા? તમે તમારું પદ છોડીને જનતા સુધી કેમ ન પહોંચ્યા? માત્ર ઈન્દોરના મેયર જ નહીં, પરંતુ મધ્યપ્રદેશની સરકાર અને વહીવટીતંત્ર, આ જઘન્ય પાપ માટે જવાબદાર બધા લોકો જનતા સામેના તેમના ગુનાઓ માટે કઠેડામાં ઉભા છે.

# પંજાબમાં આમ આદમી પાર્ટીના નેતાની લગ્નમાં ગોળી મારી હત્યા

## બે અજાણ્યા શખ્સ સરાજાહેર હત્યા કરી ફરાર થઈ જતા કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો



અમૃતસર,

પંજાબમાં કાયદો અને વ્યવસ્થા પર ફરી એકવાર સવાલો ઉભા થયા છે. અમૃતસરના વેરકા બાયપાસ પર મેરીગોલ્ડ રિસોર્ટમાં લગ્ન સમારોહ દરમિયાન આમ આદમી પાર્ટીના સરપંચની બે ગોળીઓ મારીને હત્યા કરવામાં આવી, આ હત્યાના કારણે કાયદો અને વ્યવસ્થા પર સવાલો થઈ રહ્યાં છે. લગ્નના આ કાર્યક્રમમાં જર્મલ સિંહ વલ્ટોહા પણ હાજર હતા. આ દરમિયાન બે લોકો આવ્યાં અને ગોળી મારીને ફરારા થઈ ગયાં હતા. ગોળી વાગતા કારણે જર્મલ સિંઘનું ઘટના સ્થળ પર જ મોત થઈ ગયું હતું.

સ્થાનિકોનું કહેવું છે કે, ભોજન ચાલુ હતું ત્યારે બહારથી આવેલા બે યુવાનોએ અચાનક પ્રવેશ કરી તેમના માથા પર બે ગોળીઓ ચલાવી દીધી હતી, જેથી જર્મલ સિંહ તરત જ જમીન પર પડ્યા અને તેમના માથામાંથી લોહી વહેવા લાગ્યું હતું. સત્વરે નજીકના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, પરંતુ સારવાર દરમિયાન તે પહેલા જ તેમનું મોત થઈ ગયું હતું. આ ઘટના અને અમૃતસર પોલીસ દ્વારા વિગતો આપવામાં આવી કે, હુમલાકાર બહારથી આવ્યા હતા અને તેમને ઓળખવાની કાર્યવાહી ચાલુ છે.

# મોતીતળાવમાં પરપ્રાંતીય અને સ્થાનિક પરિવાર વચ્ચે મારામારી: સામસામી પોલીસ ફરિયાદ

## બાઈક ધીમું ચલાવવાનું કહેવા બાબતે થયેલી મારામારી બાદ બને જૂથો વચ્ચે પથ્થરમારો, વિસ્તારમાં ભયનો માહોલ, બંને જૂથના મળી ૧૪ સામે ફરિયાદ





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૫

ભાવનગર શહેરના મોતીતળાવ, કાદરી મસ્જિદ વાળો ખાંચો, કુંભારવાડા ખાતે રહેતા મૂળ બહલગંજ, ગોરખપુર, ઉત્તરપ્રદેશના પાર પ્રાંતીય પરિવાર અને તે વિસ્તારમાંજ રહેતા મુસ્લિમ પરિવાર વચ્ચે બાઈક ધીમું ચલાવવા મુદ્દે બોલાચાલી બાદ સામ-સામી મારામારી અને પથ્થરમારો થતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો અને બંને પક્ષના આઠેક લોકોને ઈજા થતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બનાવ અંગે બંને જૂથો વચ્ચે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને જૂથના ૧૪ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શહેરના મોતીતળાવ, કાદરી મસ્જિદ વાળો ખાંચો, કુંભારવાડા ખાતે રહેતા મૂળ બહલગંજ, ગોરખપુર, ઉત્તરપ્રદેશના શિવદન્ત પરમહંસ શાહની ઉ.વ.-૪૨ વાળાએ તેના વિસ્તારમાંજ રહેતા ઝુબેર મહેબુબભાઈ શેખ, અનીશ ઉર્ફે સાહિલ રિજુભાઈ પઠાણ, યાસીન આલમભાઈ શેખ, અખ્તર આલમભાઈ શેખ, હસન મહંમદ શેખ સહિતે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે રવિવારે મોડીસાંજે તે તથા રાજકુમાર તેના ઘરની બહાર બેસીને કૂતરાને બિસ્કિટ ખવરાવતા હતા ત્યારે ઝુબેર મહેબુબભાઈ શેખ નામનો શખ્સ પુરઝડપે બાઈક લઈને નીકળતા તેને બાઈક ધીમું ચલાવવાનું કહેતા તેમના ઉપરોક્ત સબંધીઓ એ આવીને તેને તથા રાજકુમારને ગાળો આપી માર મારવા લાગેલ આથી તેના પત્ની મંજુલાદેવી સહીત આવી પહોંચતા ઉપરોક્ત ઈસમોએ તેમને પણ માર મારી છુટ્ટા ઈંટો અને પથ્થરના ઘા ઝીકી ઈજા કરેલ. આ બનાવ અંગે બોરતળાવ પોલીસે તમામ શખ્સો વિરુદ્ધ બીએનએસની કલમ ૧૧૮-૨, ૧૧૫-૨, ૩૫૨, ૩૫૧-૩, ૧૨૫-બી, ૧૮૯-૨, ૧૯૧-૨, ૧૯૦ તથા જીપીએક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ.

આ બનાવ અંગે સામા પક્ષે યાસીન આલમભાઈ શેખે તેની શેરીમાંજ રહેતા શિવદન્ત શાહની, રાજકુમાર શાહની, ગૌતમ શાહની, અભિમન્યુ શાહની, ગોવિંદ મલા તથા બેઠી ત્રણ અજાણ્યા શખ્સો સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેના બનેવી ઝુબેર શેખ સાથે ઉપરોક્ત શખ્સોએ બાઈક ધીમું ચલાવવા મુદ્દે બોલાચાલી કરી માર મારતા હોય તેઓ તથા તેનો ભાઈ અખ્તર, બનેવી અનીશભાઈ, હસનભાઈ સહીત ત્યાં જતા તેને પણ ઉપરોક્ત શખ્સોએ એક સંપ કરી મારમારી છુટા પથ્થરોના તથા ઈંટોના ઘા મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે બીએનએસની કલમ ૧૧૮-૨, ૧૧૫-૨, ૩૫૨, ૧૨૫-બી, ૧૮૯-૨, ૧૯૧-૨, ૧૯૦ તથા જીપીએક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે. આ બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો અને બંને પક્ષે આઠેક લોકોને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. અને પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો.

# કાળિયાબીડના વ્યાજખોરે પાંચ લાખના 6.82 લાખ પડાવી મકાન લખાવી લીધું

**રસાલા કેમ્પમાં રહેતા બટાકાના સિંધી વેપારીએ આખરે પોલીસમાં નોંધાવી ફરિયાદ**

ભાવનગર,તા.૫

ભાવનગર શહેરમાં વ્યાજ વટાવનો વ્યવસાય કરતા કાળિયાબીડના શખ્સ પાસેથી યુવકે વ્યવસાય અર્થે પાંચ લાખ રૂપિયા લીધેલ હતા. જેના બદલામાં યુવકે વ્યાજ સહિત રૂા. ૬.૮૨ લાખ ચુકવી આપ્યા છતાં પણ યુવકના માતા-પિતાને મકાન વ્યાજખોરના નામે કરી દેવાનું તેમજ એ ઉપરાંત સાત લાખ રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી, બે ચેક લખાવી લીધા હોવાની ફરિયાદ નોંધાવાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર શહેરના રસાલા કેમ્પમાં રહેતા અને તેમના પુત્ર હિતેશભાઈ સાથે બટાકા વેચાણનો વ્યવસાય કરતા હરેશભાઈ પ્રીતમદાસ પારવાણીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પુત્ર હિતેશભાઈએ વ્યવસાય અર્થે છએક વર્ષ અગાઉ કાળિયાબીડમાં રહેતા અને વાઘાવાડી. ટી.બી.ઝેડના શોરૂમ ઉપર બીજા માળે ઓફિસ ધરાવતા રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભા ભાઈસાબભા ગોહિલ પાસેથી વ્યાજે રૂા. ૫,૦૦,૦૦૦ લીધા હતા. જેના બદલામાં વ્યાજખોરે વ્યાજ સહિત રૂા. ૭ લાખ રૂપિયા પરત આપવાની વાત કરી હતી. જે બાદ ગત વર્ષ ૨૦૨૧ સુધીમાં હિતેશભાઈએ કટકે કટકે રૂા. ૬,૮૨,૮૦૦ વ્યાજ સહિત ચુકવી આપેલ

અનુસંધાન ૬

# હાથ ઉછીના આપેલ 10 લાખની ઉઘરાણી કરતા માર મારી ધમકી આપ્યાની ફરિયાદ

**વાડીમાં ખેતી કામ કરવા સાથે વહીવટી કામ સંભાળતા ગારિયાધારના મોટી વાવડી ગામના યુવકે પરવડીના શખ્સએ મારમારી ધમકી આપી**

ભાવનગર,તા.૫

ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના મોટી વાવડી ગામે રહેતા અને કાકડીયાની વાડીમાં ખેતીકામ કરવા સાથે તેનું વહીવટી કામ સાંભળતા યુવકે કાકડિયાએ પરવડીના શખ્સને હાથ ઉછીના આપેલા રૂ.૧૦ લાખની ઉઘરાણી કરવાનો ફોન કરતા પરવડીના શખ્સે તેને બોલાવી મારમારી ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાવતા ગારિયાધાર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગારિયાધાર તાલુકાના મોટી વાવડી ગામે રહેતા અને શરદભાઈ પોપટભાઈ કાકડીયાની વાડીમાં ખેતીકામ કરવા સાથે તેનું વહીવટી કામ સાંભળતા દેવાંગ અનિલભાઈ રાજ્યગુરુ ઉ.વ.૩૯એ ગારિયાધારના પરવડી ગામે રહેતા મનસુખભાઈ બેચરભાઈ ખેની સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે શરદભાઈના પિતા પોપટભાઈ પાસેથી પરવડીના મનસુખભાઈએ રૂ.૧૦ લાખ હાથ ઉછીના લીધા હતા જેની પ્રોમિસરી નોટ પણ લખેલી હતી. દરમિયાન પોપટભાઈનું દોઢ વર્ષ પહેલા અવસાન થતા શરદભાઈએ તેમને તેમને કહેલ કે મનસુખભાઈ પાસેથી ૧૦ લાખ લેવાના છે તેની ઉઘરાણી કરજો આથી પોતે

અનુસંધાન ૬

# મંત્રી નિમુબેનના પ્રયાસોથી સંસદીય ક્ષેત્રના દિવ્યાંગોને મળશે 4 કરોડની સાધન સહાય

**કાલે સિહોર ખાતે ૧૯૮ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ. ૨૬.૫૩ લાખના ૩૬૨ સહાયક સાધનોની ભેટ મળશે ; ભાવનગર અને બોટાદ જિલ્લામાં તબક્કાવાર યોજાનાર કેમ્પમાં કેન્દ્રીય અને રાજ્યના નેતાગણની રહેશે ઉપસ્થિતિ**



ભાવનગર,તા.૫

ભાવનગરના સાંસદ અને કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાના પ્રયાસોથી દિવ્યાંગજનોને વિવિધ સાધન સહાય માટે અગાઉ ભાવનગર અને બોટાદ જિલ્લામાં તબક્કાવાર કેમ્પ કરી અને લાભાર્થી નક્કી કરાયા હતા જેમાં નિયત થયેલા લાભાર્થીઓને સાધનની ફાળવણી માટે તબીબકવાર કેમનો પ્રારંભ થયો છે જેમાં તા.૬ જાન્યુઆરીના રોજ સિહોર ખાતે સાધન સહાયનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવનાર છે, મંત્રી નિમુબેને જણાવ્યું હતું કે, સંસદીય વિસ્તારના દરેક લાભાર્થી માટે કુલ રૂ ચાર કરોડથી પણ વધુ રામના સાધનોની સહાય આ કેમ્પ દ્વારા મળનાર છે અને કેમ્પમાં કેન્દ્રીય અને રાજ્યના નેતાગણની પ્રેરક ઉપસ્થિતિ પણ રહેનાર છે.

કેન્દ્રીય ઉપભોક્તા કાર્ય, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાના પ્રયાસોથી જિલ્લામાં દિવ્યાંગજનોના સશક્તિકરણ, સ્વાવલંબન અને સન્માનસભર જીવનના હેતુસર પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (PGVCL)ની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગની ADIP (Assistance to Disabled Persons) યોજના અંતર્ગત દિવ્યાંગજનો માટે નિઃશુલ્ક સહાયક સાધન વિતરણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે તા. ૦૬ જાન્યુઆરીને મંગળવારના રોજ ભાવનગર જિલ્લાના શિહોર ટાઉન હોલ ખાતે દિવ્યાંગજનો માટે નિઃશુલ્ક સહાયક સાધનોના વિતરણની વિશેષ શિબિર યોજાશે. કુલ ૧૯૮ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ. ૨૬,૫૩,૮૬૧/-ના ખર્ચે કુલ ૩૬૨ સહાયક સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.દિવ્યાંગજનોને વ્યાપક અને અસરકારક લાભ પહોંચાડવા માટે લાભાર્થીઓના ચિહ્નીકરણ તથા નોંધણી માટે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાના પ્રયાસોથી સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર સાથે સંકલન સાધવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ ભારત સરકારના ઉપક્રમ એલિમ્કો (ALIMCO) દ્વારા

અનુસંધાન ૬

### સિહોર, પાલીતાણા, ગઢડા, ભાવનગર અને તળાજામાં યોજાશે સાધન સહાય કેમ્પ

ભાવનગર અને બોટાદ જિલ્લાના દિવ્યાંગ લાભાર્થીઓને સાધન સહાય માટે નજીકના તાલુકા મથકેથી વિતરણ વ્યવસ્થાએ ગોઠવી છે, મંત્રી નિમુબેન એ ખાસ સંવેદના દાખવી દિવ્યાંગજનોને બને એટલી મદદ મળી રહે તે ખાસ આયોજન કરાવ્યું છે. એક જ સ્થળે સાધન સહાય વિતરણથી લાભાર્થીઓને લાબું અંતર કાપી કેમ્પ સ્થળે ન આવવું પડે તે માટે થઈને નજીકના તાલુકા મથકો ખાતે કેમ્પ ગોઠવ્યા છે જેમાં ૬ જાન્યુઆરીએ સિહોર અને વલભીપુર માટે ટાઉનહોલ સિહોર ખાતે, ૭ જાન્યુઆરીએ પાલીતાણા, જેસર અને ગારિયાધાર માટે તળેટી રોડની સરકારી શાળા ખાતે, તા.૧૬ જાન્યુઆરીએ ભાવનગર શહેર, ગ્રામ્ય અને ઘોઘા માટે મોતીબાગ ટાઉનહોલ ખાતે તેમજ ૧૭ જાન્યુઆરીએ તળાજા અને મહુવા માટે તળાજા આઈટીઆઈ ખાતે,૧૮ જાન્યુઆરીએ ગઢડા, બરવાળા, રાણપૂર ઉમરાળા માટે ગઢડા ખાતે કેમ્પ યોજાશે.

લઘુ ઉદ્યોગ
સાંઈ પેપર પ્રોડક્ટર્સ
બેરોજગાર માટે એક સુવર્ણ તક
૯૦,૫૦૦ના રોકાણેથી ફુલ ઓટોમેટીક મશીન વસાવો ઘર બેઠા ફેન્સી કાગળના ગ્લાસ, પ્લેટ, બાઉલ અને ડીશ બનાવવાનું શરૂ કરો અને દરોજના રૂપિયા ૧૦૦૦ થી ૩૦૦૦ કમાવો અમારી પાસેથી કાચો માલ ખરીદો અને તૈયાર માલ પરત કરો.'કરાર સહીત'
એડ્રેસ : દુકાન નં.૬ બીઝનેશ હાઉસ, બોરતળાવના નાકે, મીલી પાનની બાજુમાં ભાવનગર.
મો.નં.૭૦૩૭૬૭૨૦૮૭/૭૫૪૭૦૯૦૭૭૬

ભાવનગર મહાનગરપાલિકા અને નવયુગ દ્વારા કરાયેલા આયોજનને જબ્બર સફળતા

# સ્ટ્રીટ જલ્સામાં હજ્જારો ભાવનગરીઓએ કર્યો જલ્સો જલ્સો

**યંગર્સ અને સિનિયર્સે ડાન્સ, મસ્તી અને ધમાલ સાથે વિવિધ એક્ટિવિટિસનો આનંદ લૂંટ્યો ; યુવરાજ, કમિશનર, કલેક્ટર, પૂર્વ મેયર સહિતનાની રહી પ્રેરક ઉપસ્થિતિ**



તસવીર : ધવલ વાજા

ભાવનગર, તા.૫

ભાવનગરમાં ભાવનગર મહાનગર પાલિકા અને નવયુગ ગ્રુપ દ્વારા સહયોગી સંસ્થાઓ દ્વારા રવિવારે યોજાયેલ 'સ્ટ્રીટ જલ્સા' માં યંગર્સ સહીત સિનિયર્સ નગરજનોએ ડાન્સ મસ્તી અને ધમાલ સાથે વિવિધ એક્ટિવિટિસનો આનંદ લૂંટ્યો હતો. પ્રતિવર્ષ યોજાતો સ્ટ્રીટ જલસા હવે ભાવનગરની આગવી ઓળખ બની છે ત્યારે આ વર્ષે સીઝન ૫માં અંદાજિત ૧૭૦૦૦ થી વધુ લોકોએ જોડ઼ ઈ એન્જોય કર્યું હતું.

ભાવનગરના સ્ટેટના યુવરાજ જયવીરરાજસિંહજી ગોહિલ, કમિશનર એન.કે મીના,ભાવનગર કલેકટર મનીષ બંસલ, પૂર્વ મેયર મેહુલ વડોદરિયા સહિતના આગેવાનો, અધિકારીઓ અને પ્રતિષ્ઠિત નાગરિકો,સામાજિક સંસ્થાના આગેવાનો, ડોક્ટરો, વકીલો ,સામાજિક સંસ્થાના અગ્રણીઓ, વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, પોલીસના જવાનો, હોમગાર્ડના જવાનો, એનસીસીના જવાનો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ખાસ કરીને નોંધપાત્ર બાબત એ બની હતી કે યુવા ધન ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયું હતું અને અંદાજિત ૧૭ હજારથી વધુ લોકો આ કાર્યક્રમમાં જોડાતા. શહેરના આતાભાઈ ચોક થી લઈ છેક સેન્ટલ સોલ્ટ સુધીનો માર્ગ ખીચોખીચ લોકોથી ભરાઈ ગયો હતો. સ્ટ્રીટ જલ્સામાં એન્કર પુનિત પુરોહિત દ્વારા જબ્બર એન્કરિંગ કરાયું હતું જે વિશેષ આકર્ષણરૂપ રહ્યું હતું.

ભાવનગર મહાનગરપાલિકા અને નવયુગ ગ્રુપના સંયુક્ત આયોજન હેઠળ, સ્મોલ વંડર્સ, નિલમબાગ પેલેસ, એકતા'સ ક્લોઝેટ, રનર તેમજ કલેક્ટરેટ

અનુસંધાન ૬

પરમ પૂજ્ય સદ્ગુરુદેવ
શ્રી બજરંગદાસબાપાની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે આરોગ્યલક્ષી સેવાઓનો કેમ્પ
તા. ૬ જાન્યુઆરી ૨૦૨૬ મંગળવાર ▶ સવારે ૧૦ થી ૧ સાંજે ૫ થી ૮

નિઃશુલ્ક સેવાઓ
▶ ડૉક્ટરી તપાસ (OPD) (દરેક વિભાગ માટે)
▶ પી.એફ.ટી. (ફેફસાની કાર્યક્ષમતાનો રિપોર્ટ)
▶ દાંત પડાવવાની સારવાર (ફક્ત સિનિયર સિટીઝન માટે, ઓળખ પત્ર સાથે રાખવું)

રાહતદરે સેવાઓ
▶ લેબોરેટરી તપાસમાં ૭૫% રાહત
▶ એલર્જી ટેસ્ટમાં ૭૫% રાહત
▶ સોનોગ્રાફીમાં ૭૫% રાહત
▶ એક્સ-રે માં ૭૫% રાહત
▶ 2D ઈકોમાં ૫૦% રાહત
▶ TMT તપાસમાં ૫૦% રાહત
▶ યુરોફ્લોમેટ્રીમાં ૭૫% રાહત

નિઃશુલ્ક ઓપીડી નિઃશુલ્ક

ફૂલટાઈમ ડૉક્ટર્સ ટીમ
હૃદયરોગ વિભાગ – ડૉ. કૃષ્ણકાન્ત શર્મા
મગજ, મણકા અને કરોડરજ્જુની સર્જરી – ડૉ. શ્રૂત દોશી
કિડની, પથરી, પ્રોસ્ટેટ અને મુત્રમાર્ગના રોગો – ડૉ. ચિરાગ શાહ
સિનિયર ફિઝીશ્યન – ડૉ. દીપક મુન્શી
જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જરી વિભાગ – ડૉ. એમ. આર. વસાયા/ ડૉ. ગિરીશ દવે
હાડકા, મણકા, સાંધાની સર્જરી – ડૉ. નિસર્ગ પી. શાહ
કોર્નિયા (આંખની કીકી)ના સ્પેશિયાલિસ્ટ – ડૉ. તન્વિ કામોઠી
શ્વાસ અને ફેફસાના રોગ વિભાગ – ડૉ.રૂષિતા જે. પટેલ
પ્રસુતિ અને સ્ત્રીરોગ વિભાગ – ડૉ. નિધી પટેલ
ચામડી, વાળ, નખ, ગુપ્તરોગો – ડૉ. પ્રાચી મહેતા

ક્રિટીકલ કેર ટીમ : ડૉ. દર્શન શુકલ • ડૉ. વિપુલ પારેખ • ડૉ. હિરેન કવા • ડૉ. ધવલ વૈદ્ય • ડૉ. જીગ્નેશ કામળીયા • ડૉ. લલિત કાપડિયા
પેથોલોજી – ડૉ. શ્રધ્ધા મુન્શી
રેડીયોલોજી – ડૉ. વિજય ભરોડીયા
દાંતના રોગો – ડૉ. નિસાર ખોખર / ડૉ. અરીબા ખોખર

▶ વધુ માહિતી માટે
(0278) 6640664/65
7574878808
7984246999
7405393139

શ્રી બજરંગદાસબાપા આરોગ્યધામ
"Managed by 3D Hospicare"
પાનવાડી ચોક, ભાવનગર-૩૬૪ ૦૦૧
mkt.bbad@gmail.com

નોંધ : લેબોરેટરી તપાસ ડૉક્ટરની તપાસ અને સલાહ પ્રમાણે કરી આપવામાં આવશે તથા પ્રીસ્ક્રીપ્શન હોવું ફરજીયાત છે. ઉપરોક્ત રાહતદરે સેવાઓનો લાભ ફક્ત એક દિવસ માટે છે. યુરોફ્લોમેટ્રી ૧૫ દર્દીઓ માટે મર્યાદિત છે તથા ડૉક્ટરની સલાહ મુજબ અને એપોઈન્ટમેન્ટ દ્વારા જ કરવામાં આવશે.

ભાવનગર જિલ્લામાં એક છત્ર નીચે ઉપલબ્ધ ઉત્તમ સારવાર
24 x 7 ઈમરજન્સી | 24 x 7 એમ્બ્યુલન્સ | 24x7 સીટીસ્કેન | 24 x 7 લેબોરેટરી | 24 x 7 દવાઓ